॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 4 • Issue : 1 • 5th July, 2021 • Price : Rs. 10



## દેહત્યાગ દિન તથા ગુરુપૂર્ણિમા

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટા દેહત્યાગ નિર્ણય



જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ —

હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા', રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે, અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગ્યાએ મૃત્યુસ્થળની તદ્દન નજીકમાં કરવો. અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણા ભેગા કરવાં નહીં, તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારા અસ્થિને પણ નદીમાં પૂરેપૂરા પધરાવી દેવાં.

મારા નામનું ઇંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહીં.'

મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણા ભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

તા. ૧૯-૭-૭૬ — ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા

**હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત**

# હરિઃૐ ગુંજન

**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**

**વર્ષ-૪, અંક-૧** **માનદ્‌તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ** **જુલાઈ-ઓગસ્ટ, ૨૦૨૧**

**કુંભકોણમ્, હરિઃૐ** **તા. ૮-૬-૧૯૫૩**

## મથનારને તો નિરાશામાંય આશા

જીવનમાં હજારોવાર ભલેને નિરાશા મળે, પરંતુ જે સાચી રીતે મથનાર છે, જેના મથવામાં હૃદય છે, જેના મથવામાં પ્રમાણિકપણું ને વફાદારીનો ભાવ છે, જેના મથવાપણામાં નેક દાનત છે, જેના મથવાપણામાં જીવનના ધ્યેયનું દૃષ્ટિબિંદુ જીવતુંજાગતું રહેલું છે, એવો જીવ ભલેને નિરાશા પામે, છતાં તેવા જીવનો આશાવાદ એવો ને એવો પ્રચંડ રહ્યા કરે છે. પ્રચંડ નિરાશાના વાતાવરણમાં તે કદી મૂંઝાતો નથી કે નથી અકળામણ સેવતો.

## પૂજ્ય ગાંધીજીનો દાખલો

મહાત્મા ગાંધીજીનો દાખલો તાજો જ છે. એમણે જે ધ્યેય મેળવવાનું ધારેલું તેની પ્રાપ્તિ થવા કાજે કેટકેટલી કારમી નિરાશાના વાતાવરણમાં એમને પગલાં ભરવાં પડ્યાં હતાં ! અનેક વાર નિરાશ થવાપણું થતાં એમાંથી તેમણે કદી પાછા પડવાપણું કર્યુ નથી. તેવી વેળાએ તેમના જીવનનો આશાવાદ લૂલો બનેલો નથી. તેવી વેળાએ તેઓ જીવનમાં વધારે તેજસ્વીપણે પ્રગટેલા છે ને વર્તેલા છે. એમણે આગળ જ પગલાં ભરેલાં છે. જીવન તો સંગ્રામ છે. એવા સંગ્રામને પ્રેમથી સ્વીકારીને પોતાના ધ્યેયને ફળાવવાને જે જીવ મથે છે, તેવો જીવ જ જીવનમાં ટકી શકે છે.

*('જીવનપોકાર' છઠ્ઠી આ., પૃ. ૩૩૮)*

**હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

હવે આપના દ્વારા સીધેસીધા આશ્રમના બેંકખાતામાં પેમેન્ટ એપ, RTGS, NEFT કે IMPS અથવા આપના બેંકખાતા મારફત ટ્રાન્સફરથી નાણાં મોકલવાની સુવિધા હવે ઉપલબ્ધ છે.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**

| | | |
|---|---|---|
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

આશ્રમને ઑનલાઇન પેમેન્ટ કર્યા પછી તેની જાણ વ્હોટ્સએપ મેસેજથી નીચે જણાવેલ વ્હોટ્સએપ નંબર પર પૈસા મોકલનાર સ્વજનનું નામ, સરનામું (પીનકોડ સહિત), મોબાઈલ નંબર તેમજ પાનકાર્ડ નંબર પણ અચૂક દર્શાવશો કે જેથી મળેલ નાણાની પહોંચ ત્વરીત પાઠવી શકાય. **ઉપરોક્ત પદ્ધતિથી 'હરિઃૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

**(ઇન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

www.hariomashram.in
hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
પત્રવ્યવહાર/સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**
**સંપર્ક : ૭૮૭૮૦ ૪૬૨૮૮**

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**
**વાર્ષિક : રૂ. ૬૦/-**
**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**
**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**❁ લખાણ અંગે ❁**

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.

**પ્રકાશન સ્થળ** : હરિઃૐ આશ્રમ, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ભાતીગળ પરમહંસ શ્રીમોટા | રતિલાલ કે. મહેતા | ૫ |
| ૨. | પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પૂર્વેનો પ્રાયોગિક તાસ | ડૉ. રમેશ મ. ભટ્ટ | ૮ |
| ૩. | શ્રીકૃષ્ણ ભગવાન | ડૉ. રમેશ મ. ભટ્ટ | ૧૨ |
| ૪. | ગુરુપૂર્ણિમાની ઉજવણી કેવા ભાવથી કરવી ? | પૂ. શ્રીમોટા | ૧૩ |
| ૫. | મન મારામાં પરોવ | ડૉ. રમેશ મ. ભટ્ટ | ૧૩ |
| ૬. | શ્રી સદ્‌ગુરુ તત્ત્વદર્શન | શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય | ૧૪ |
| ૭. | દિવ્યચેતનાના અનુભવ પ્રસંગ જણાવોને ! | પૂ. શ્રીમોટા | ૧૮ |
| ૮. | ગુરુ એટલે ... ? | પૂજ્ય શ્રીમોટા | ૧૯ |
| ૯. | હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે | ડૉ. રમેશ મ. ભટ્ટ | ૨૦ |
| ૧૦. | મોટાની કાળજી | ડૉ. રમેશ મ. ભટ્ટ | ૨૪ |
| ૧૧. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૫ |
| ૧૨. | ગુરુના પ્રેમનું કાર્ય | પૂ. શ્રીમોટા | ૨૬ |

## હરિઃૐ આશ્રમ, નડિયાદ

| | |
|---|---|
| **૨૩-૭-૨૦૨૧ શુક્રવાર** | **પૂજ્ય શ્રીમોટા દેહત્યાગ દિન** |
| **૨૪-૭-૨૦૨૧ શનિવાર** | **ગુરુપૂર્ણિમા<br>દર્શનનો સમય સવારે ૭-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક સુધી** |

કોરોના મહામારી સંદર્ભે સરકારશ્રી તરફથી વખતોવખત જાહેર થતી ગાઈડલાઈન અનુસાર ઉત્સવ ઉજવણી અંગે મંજૂરીને લક્ષમાં લઈને કાર્યક્રમની વિગતો વ્હોટ્સએપ ગ્રૂપ તેમજ અન્ય માધ્યમથી સર્વે સ્વજનોને માહિતગાર કરવામાં આવશે.

– ટ્રસ્ટીગણ, હરિઃૐ આશ્રમ, નડિયાદ

**હરિની જયશ્રી કેવી હરિના ભક્તને ચહી,**
**તેનામાં વસવા કેવી ઉત્સુક થાય દિલથી;**

●

**તે અવગણના કિંતુ કશાની કરતો નથી,**
**ચઢાવે જયશ્રી માથે સમર્પે હરિને સ્તવી !**

**– શ્રીમોટા**

પૂ. શ્રીમોટાને જયશ્રી વરેલી છતાં તેઓશ્રી સદા નમ્રતાથી રહી, નમ્રતાપૂર્વક જીવી લોકકલ્યાણનાં કાર્યો જનકવિદેહીની જેમ કરીને સહુને ઊંઘતાં મૂકીને (૨૩-૭-૭૬ની વહેલી સવારે દોઢ વાગે) એકાંત જગ્યામાં માત્ર છ જણની હાજરીમાં આગલે દિવસે સાંજના ચાર વાગ્યાથી અક્ષરશઃ મૌન સેવીને પોતાના નશ્વર ખોળિયાનો ત્યાગ કરી ગયા ને એ ખોળિયાને તેમની ઇચ્છા મુજબ એ જ છ જણની હાજરીમાં ભસ્મીભૂત કરી દેવાયો !

એ જીવ પોતાને અણઘડ ને બોથડમાં ખપાવા દઈ હરિજનસેવા કરતાં કરતાં ગુપ્તપણે હરિ ભજીને હરિને પામ્યા. જાહેરાત વિના આશ્રમો કર્યા, સાધના માટે મૌન એકાંત મંદિરો (ઓરડા) ચલાવ્યાં, 'અમાસના તારા' ચમકે તેમ એક પછી એક જીવનના સમગ્ર ક્ષેત્રોના (શારીરિક, માનસિક ને આધ્યાત્મિક) વિકસાર્થે 'ભિક્ષામ્ દેહિ' કરીને એક કરોડ ઉપર દાન મેળવ્યાં ને દઈ દીધાં. પોતાની ગરીબીને લીધે તેઓશ્રી જે જે નહોતા પામી શક્યા તે તે ઊગતી પેઢીને આપતા ગયાં. આ બધું કર્યું છાનુંછપનું, અને છતાં વજ્રલેપ જેવું, ગણતરીપૂર્વક, ચોકસાઈભર્યું ને હિસાબે દીવા જેવું સ્પષ્ટ.

આવો ચેતનનિષ્ઠ કર્મયોગી વિવિધ ભાતવાળા પરમહંસનાં દર્શન કરાવતો ગયો. સંસારી નહિ છતાં વ્યવહારપટ્ટુ ગૃહસ્થનું દર્શન તેમના ભક્તો અને પ્રશંસકો પામ્યા છે. લેણદેણના અટલ નિયમની પ્રતિતિ કરાવતા ગયા છે. લાખો રૂપિયાનો વ્યવહાર તેમણે કર્યો છતાં પ્રસંગ પડ્યે 'પૈસો તો મારા હાથનો મેલ છે' એવી ખુમારીભરી ત્યાગભાવનાની સચોટતા પુરવાર કરતા ગયા છે. નીરક્ષીરન્યાય કરી જાણનાર હંસવત, છતાં કાષ્ઠવત, અવધૂત અને બાળવત પરમહંસની જેમ તેઓશ્રી દેહોત્સર્ગના બારેક માસ અગાઉથી વર્તવા લાગેલા. દોઢેક વર્ષથી સર્વ રીતે અલિપ્ત થઈ ગયા હતા. કશું વાંચતા લખતા નહિ; આશ્રમના કાર્ય વિશે કશું પૂછતા નહિ, 'સ્વજન' ગણેલા એવા ભક્તોને આશ્રમે આવવાની મનાઈ; પત્ર દ્વારા શરીરની ખબર પૂછવાની મનાઈ. જો કોઈ આશ્રમે આવી ચડે તો તેમના ખાટલાની બાજુ ભીંત પર લટકતું પાટિયું આંખે વળગીને બોલતું; 'પૂજ્ય શ્રીમોટાની કોઈએ ખબર પૂછવી નહિ; તેમને બોલાવવા નહિ.' પહેલાંના કરતાં તદ્દન વિરુદ્ધ એમ લાખ રૂપિયાની ભેટ મળવાની હોય તો યે આમંત્રણનો અસ્વીકાર. (છતાં દાનનો પ્રવાહ ચાલુ - શ્રીમોટાનાં ચરણે ને ત્યાંથી સમાજ તરફ.) **તેમની આવી વર્તૂણકનો હેતુ સ્પષ્ટ હતો: ''આ શરીર પરત્વે મોહ ન રાખો; અંદરના ચેતનને વળગો; દૂર રહીને મને ગમતું કામ કરો; એ મને વધુ ગમશે.''**

અનેક રોગોએ તેમની શારીરિક શક્તિ હણી લીધી હતી. ખોરાક લેવાતો નહિ. વજન ૧૦૨ રતલ જેટલું થઈ ગયું હતું ને શરીર કાળું પડતું જતું હતું. નિદ્રા એકાદ કલાકની. સમય કાપવા કોઈની પાસે ડીટેક્ટીવ કે બહારવટીઆની કથા વંચાવતા ને પોતે સાંભળતા ! છાપું વાંચતા નહિ. તેમની સેવામાં રહેનાર ભક્ત પાસેથી જાણવા મળે છે કે તેઓશ્રી રાત્રે ભગવાનને પ્રાર્થના કર્યા કરતા, ઘણીવાર ડૂસકાં ભરતાં પ્રાર્થના કરતા ! કોને માટે પ્રાર્થના કરતા ? પોતા માટે ?

કોઈ કોઈવાર તેઓશ્રી કહેતા : **'મારે આ પળે જ કેવળ આ લોકવાસી નહિ પણ પરલોકવાસી, આ દેશવાસી નહિ પણ પરદેશવાસી, એવા લાખો લોકો સાથે સંબંધ છે. તમને તે શી રીતે સમજાવું ?'** સંતોના દુર્ગમ વર્તન હોય છે એની ઝાંખી તેઓશ્રી કદી કદી કરાવી દેતા.

શરીર જડ થઈ ગયું હતું. કોઈ લોકકલ્યાણનાં કાર્યોમાં આવે તેમ નહોતું. તેથી તેમણે દેહત્યાગનો નિર્ણય ક્યારનો લઈ લીધો હતો. ૧૯-૭-૭૬ના રોજ નડિયાદ આશ્રમે તેઓશ્રી હતા ત્યારે દેહ છોડવા બાબતનો પત્ર લખી રાખેલો તે જાહેર થયેલો છે. ૨૨-૭-૭૬થી ૨૩-૭-૭૬ સુધી ફાજલપુર ખાતે એલેમ્બિક કેમિકલ વર્કસવાળા શ્રી રમણભાઈ અમીનને ત્યાં રહેવાનો કાર્યક્રમ હતો. એટલે તેમને ત્યાં પોતાનો દેહ છોડવાની રજા તેમણે માગી ને તે મળી. એટલે ૨૨-૭-૭૬ના સાંજના ચાર વાગ્યા સુધી તેમની નજીક છ જ જણને રહેવા દીધાં ને વાતો કરવા દીધી. તે બાદ તેમની સાથે કોઈએ બોલવું નહિ, એવી સૂચના આપીને તેમણે આંખો મીંચી દીધી ને મૌન સેવ્યું. 'હરિઃૐ'ની ધૂન ને ભજન એ છ જણ કરવા લાગ્યાં. એ છ જણમાં એક દાક્તર ભક્ત-બહેન હતાં. ૨૩-૭-૭૬ની વહેલી સવારે દોઢ વાગે શરીર તપાસીને દાક્તરે જાહેર કર્યું — હંસલો ઊડી ગયો. એ સાડા નવ કલાકના સમય દરમિયાન શ્રીમોટા બિલકુલ બોલેલા નહિ. અંતેવાસી શ્રી નંદુભાઈ એ આખા સમય સુધી તેમના ખાટલા નજીક સ્ટૂલ પર બેસી રહેલા. આમ શ્રીમોટા એક યોગીની રીતે મૃત્યુ પર સવારી કરીને ચાલી નીકળ્યા. જ્યારે બીજા બધાં ગાઢ નિદ્રામાં પોઢેલાં હશે ! અને તેમના દેહની અંતિમક્રિયા પણ તેમની સૂચનાનુસાર જાહેરાત કર્યા સિવાય એ જ છ જણની હાજરીમાં થઈ ગઈ — સવારે છ વાગે ! ત્યારે એ યાદ આવી જાય છે કે તેઓશ્રી જ્યારે જ્યારે આમંત્રણ દેનાર ભક્તને ત્યાં જતા ત્યારે તેઓ સવારે છ વાગે પહોંચી જતાં, જ્યાં હોય ત્યાંથી ! આ નિયમ તેમણે તેમની અંતિમ યાત્રા સુધી જાણે પાળ્યો !

આજન્મે શિક્ષક જતાં જતાં શિક્ષકની ભાવના મૂકતા ગયા : **'મારા સ્મરણાર્થે' મારું બાવલું કે તુલસીક્યારો કરશો નહિ. જો કોઈ પણ સ્મારક કરવું હોય તો દૂર એકાંત ગામડાંઓમાં પછાત વર્ગનાં બાળકો માટે શાળાના ઓરડા બાંધવા ફંડ ઉઘરાવીને આપશો. એ જ સાચું સ્મારક છે.'**

આમ આજે તો તેઓશ્રીનો દેહ ગયો છે છતાં તેઓશ્રી પાછા આવનાર છે. **તેમણે અનેકવાર સ્ત્રી તરીકે પુનર્જન્મ લેવાની ઈચ્છાની જાહેરાત કરેલી છે ને તે ય દક્ષિણના પ્રદેશમાં કેમકે તે પ્રદેશ વધુ ભાવનાવાળો છે.** પુરુષ-શરીરથી બહેનોમાં જોઈએ તેટલું કામ થઈ શકતું નથી, એમ તેઓશ્રી ઘણીવાર કહેતા અને વધુમાં એમ પણ કહેતાઃ **"રૂપરૂપના અંબારસમી સ્ત્રીનો જન્મ લઈશ જેથી લોકો મારા એકજ ઈશારે મારી આગળ ઢળી પડે. વળી મારું કામ સંતાન પેદા કરવાનું નહિ હોય પણ સંતાનોને, બહેનોને, માતાઓને સર્વને ઈશ્વરાભિમુખ કરવાનું રહેશે."**

બાકી તો એ મુક્તાત્મા હતા. મુક્તને પુનર્જન્મ ના હોય, સિવાય કે તેમની ઈચ્છા ભક્તોને ખાતર ઈતર પ્રકારની હોય. એ સંબંધે તેમણે લખેલા એક પત્રમાંથી થોડું ઉતારીએ :

**"સ્વજનના દિલને જીવનના ધ્યેય અંગેની જ્વાળામુખી સમી ઝંખના જાગે એ જ મારા જીવનની ફળીભૂત થયા વિનાની મહત્ત્વાકાંક્ષા છે. એને કાજે બીજાં કેટલાંયે જીવન જીવવાનાં હશે તો ય તે મને મુબારક છે. તેને ફળીભૂત કરવા માટે અગ્નિપરીક્ષામાંથી કે નરકાગારમાંથી કે ગમે તેવા આકરા ને આડાઅવળા સંજોગોમાંથી આબરૂ કે બેઆબરૂપણામાંથી પસાર થવું પડે તો યે તે બધું**

**પ્રભુકૃપાથી ગનીમત હશે, જો કે એ પ્રચંડ અસંતોષ જ મારા ભાંગ્યા-તૂટ્યા જીવનનો જીવન કાજેનો આધાર છે... પ્રભુકૃપાથી તમોને મળેલા સ્થૂળ ઐશ્વર્યનો મારે ખપ નથી..બધા ઐશ્વર્યોમાં જીવનના આધ્યાત્મિક જીવનનું જે ઐશ્વર્ય છે, તેના આગળ બીજાં ઐશ્વર્ય સાવ ઝાંખા પડી જાય તેવાં હોય છે. બધાં સ્વજનોનાં એવાં ઐશ્વર્યવંત જીવન બને એ જ મારે તો જોવું છે. ત્યાં સુધી ભલેને લાખો જન્મ લેવાનાં આવે, તો ય તે પ્રભુપ્રસાદી જ હશે.''**

પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ જણાવીને આ લેખ પૂરો કરીશું :

**જન્મ :** ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ૪, સં. ૧૯૫૪, ગામ સાવલી, જિલ્લો વડોદરા.

બાળપણ સારું ગયું પણ નાની ઉંમરમાં પિતાનું છત્ર ગયું. પિતાનો ધંધો રંગરેજનો હતો. તે પછી ગરીબીનું મંડાણ થયું. ગરીબીને લીધે પિતાને થયેલાં અપમાનોનો બદલો લેવા મામલતદાર બનવાનો નિર્ધાર કર્યો. એટલે ગરીબી હોવા છતાં નોકરીની સાથે ભણવાનું રાખતા કિશોરાવસ્થાથી.

**મેટ્રીક પાસ :** ૧૯૧૯

**બરોડા કૉલેજમાં :** ૧૯૧૯-૨૦

**કૉલેજત્યાગ :** ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૨૧, મહાત્મા ગાંધીજીની હાકલને માન આપીને.

**હરિજન સેવા કાર્ય :** ૧૯૨૨, નડિયાદથી શરૂ.

**નર્મદા નદીમાં ઝંપલાવ્યું.** ૧૯૨૨માં ફેફરાના રોગને કારણે, પણ દૈવી બચાવ.

**દીક્ષા :** બાળયોગી મહારાજ તરફથી ૧૯૨૩માં.

**લગ્નપ્રસંગ :** ૧૯૨૬, માતાની હઠને લીધે. 'આ લગ્ન વૃથા છે', એમ તેમણે કહેલું ને સાચું પડ્યું. લગ્ન પછી તુરત પિયરે ગયેલી પત્ની છ સાત માસમાં સ્વધામ ગઈ.

**સર્પદંશ :** બોદાલ હરિજન આશ્રમે ૧૯૨૮માં. તેમાંથી અજપાજપ.

**મનની નિરવતાનો સાક્ષાત્કાર :** ૧૯૩૦

**સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર :** ૧૯૩૪, શ્રીકૃષ્ણદર્શન.

**નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર :** કાશી (બનારસ)માં તા. ૨૯-૩-૩૯ (રામનવમી, સં. ૧૯૯૫)ને ત્યારથી સાધકોને વ્યક્તિગત માર્ગદર્શન.

૧૯૨૨થી ૧૯૩૯ સુધી હરિજન સેવકસંઘને ઈશ્વરપ્રાપ્તિનું સાધન બનાવી, સાધ્યની પ્રાપ્તિ પછી સંઘને 'રામ રામ' કર્યા સ્થૂળપણે, પણ તેને ભીડ પડતાં (૧૯૪૨થી ૧૯૪૮) આર્થિક મદદ કર્યા કરી.

**મૌન એકાન્ત**ની અનોખી ને અદ્વિતિય (નામસ્મરણ, જપ, ધ્યાન વગેરે) સાધન-પદ્ધતિના શ્રીગણેશ થયા સાબરમતી આશ્રમે, ૧૯૪૬થી ૧૯૫૦.

**હરિઃૐ આશ્રમ :** (૧) કુંભકોણમ્ ખાતે ૧૯૫૦માં; (૨) નડિયાદ ખાતે ૨૮-૫-૫૫; (૩) રાંદેર (સૂરત), ૨૩-૪-૫૬.

ગુણભાવની પ્રતિષ્ઠા જીવનમાં થાય તો જ સાધના પૂરી થાય એમ તે ખાસ માનતા. એકલા ગુણવિકાસથી જીવન નિમ્નગામી બનવાનો ભય એટલે ગુણ સાથે ભાવનો વિકાસ થવો જોઈએ તેમ તે હંમેશાં કહેતા. એટલા માટે તેમણે ૧૯૬૨ની સાલથી ગુણભાવને દ્યોતક એવાં સમાજોપયોગી કામો કરવાની શરૂઆત કરી. દેહ છોડતાં સુધીમાં તેવાં કામો એક કરોડથી યે વધુ થયાં હતાં જેની યાદી અન્યત્ર આપી છે.

**દેહોત્સર્ગ :** ૨૩-૭-'૭૬ ફાજલપુર (જિ. વડોદરા) મહી નદીના કાંઠે.

('સમર્પણ'માં પ્રગટ થયેલો લેખ થોડા સુધારા-વધારા સાથે સાભાર ઉદ્ધૃત)

**(પૂજ્ય શ્રીમોટા સ્મારક ફંડ સમિતિના મુદ્રિત થયેલ સોવેનિયરના લેખમાંથી સાભાર)**

## ૨. પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પૂર્વેનો પ્રાયોગિક તાસ

- ડૉ. રમેશ મ. ભટ્ટ

૧૯૭૬ની રામનવમીને દિવસે પૂજ્ય શ્રીમોટા ફાજલપુર મુકામે શ્રી રમણભાઈ અમીનના ફાર્મહાઉસમાં હતા. એમનું શરીર રોગોથી ઘેરાતું જતું હતું. છેલ્લા એક વરસમાં તો શરીરમાં રહેલા તમામ રોગોના દર્દની તીવ્રતા અનેકગણી વધી હતી. પોતાના 'સ્વજનો'-ચાહકોને ૧૯૭૫થી સ્થૂળ રીતે મળવાનું ત્યજી દેવાનું કહી દઈને સ્વજનો સ્મરણ દ્વારા મળે-સૂક્ષ્મભાવના કેળવે એ માટેનો તેઓશ્રીએ સવા વરસનો એક 'પ્રેક્ટીકલ પીરિયડ'– પ્રાયોગિક તાસ આપ્યો. પોતે પણ પૈસા માગવાનું બંધ કર્યું. અન્યને પણ ફાળો એકત્ર કરવાનું બંધ કરાવ્યું.પોતાનાં ચાર પુસ્તકોના પુનર્મુદ્રણ માટે આવેલા સોળ હજાર રૂપિયા પરત કરાવ્યા. પૂજ્ય શ્રીમોટાના તમામ પુસ્તકોની પ્રસ્તાવનાઓ અને બે-બોલનું પુસ્તકાકારે સંપાદન મેં તૈયાર કરેલું. અને તેની પ્રેસ નકલ પ્રેસને અપાઈ ગયેલી, તે પણ પાછી મંગાવાઈ. આમ તમામ ખાસ પ્રવૃત્તિઓ સંકેલાતી જતી હતી. ૧૯૭૬ની રામનવમી પછી તો પૂજ્ય શ્રીમોટાએ એમના કેટલાંક છેક જ નિકટના સ્વજનોને સખત રીતે આઘાત આપીને, પોતાની પાસે ન આવવા માટે કેળવ્યા હતા. પૂજ્ય શ્રીમોટાની આ તમામ ચેષ્ટાઓ સ્થૂળના ત્યાગની પ્રત્યક્ષ કેળવણીનો એક મહત્ત્વનો સૂચક પાઠ હતો.

જુલાઈ માસમાં ગુરુપૂર્ણિમા આવે. આ દિવસે પૂજ્ય શ્રીમોટા દક્ષિણ ભારતમાં ટ્રિચિનાપલ્લીમાં એન. ગોપાલદાસની પેઢી પર હોય. એ પછી કુંભકોણમ્‌ના હરિઃૐ આશ્રમમાં કેટલાક દિવસો ગાળે. છેલ્લા ઘણાં વરસોનો નિયમ ૧૯૭૬માં શ્રીમોટાએ તોડ્યો, ત્યારે દક્ષિણ ભારતના ચાહકોએ ગુજરાતમાં આવીને પૂજ્ય શ્રીમોટાને મળવાને વિનંતી કરી. પૂજ્ય શ્રીમોટાએ ગુરુપૂર્ણિમા ઉજવવાના હેતુથી કે સ્થૂળ રીતે મળવાના હેતુથી કોઈને પણ પોતાની પાસે નહિ આવવાનો સ્પષ્ટ આદેશ આપ્યો. પૂજ્ય શ્રીમોટા ગુરુપૂર્ણિમાને દિવસે ગુજરાતમાં હોય એવો આ પહેલો (અને છેલ્લો !) યોગાનુયોગ હતો. એટલે ગુજરાત અને મુંબઈ વસતા એમના ચાહકોએ પૂજ્ય શ્રીમોટાને ગુરુપૂર્ણિમાના દિવસે મળવાનું મનોમન નક્કી કર્યું હતું. ત્યારે પણ તેઓશ્રીએ શ્રી નંદુભાઈ મારફત પત્રો દ્વારા ઘણા ચાહકોને મોટાને મળવા ન આવવા સ્પષ્ટ જણાવી દીધું. અને એ દિવસે-ગુરુપૂર્ણિમાને દિવસે તેઓ કોઈ અજ્ઞાત સ્થળે જ રહેશે એમ જણાવી દીધું-જેથી કોઈ એમની પાસે આવે નહિ ! પરંપરાના મોહને તોડવાની પૂજ્ય શ્રીમોટાની આ શિક્ષણકળા સર્વચાહકોએ કદર કરવા જેવી છે.

પૂજ્ય શ્રીમોટાને ૧૯૬૪થી પ્રોસ્ટ્રેટ ગ્લેન્ડનું દર્દ હતું. તે દર્દ ૧૯૭૬થી ગુરુપૂર્ણિમાના થોડાક દિવસ પહેલાં તીવ્ર થવા માંડ્યું હતું. પેશાબ કરવાની તકલીફ ઘણી જ વધી હતી. તા. ૧૧મી જુલાઈ, ૧૯૭૬ના રોજ ગુરુપૂર્ણિમા હતી. એ દિવસે વહેલી પરોઢે સૂરત આશ્રમ છોડીને નીકળી જવાનો ઉપક્રમ હતો. પણ આગલી રાતથી મૂશળધાર વરસાદ ચાલુ થઈ ગયો હતો. સૂરતના એક પ્રશંસકે રૂપિયા પચીસ હજાર એકઠા કરીને ગુરુપૂર્ણિમાની સવારે આપવાની ઓફર કરેલી. તેનો પૂજ્યશ્રીએ સ્વીકાર કરેલો. એકઠી કરવા માંડેલી રકમ એકસઠ હજાર લગી પહોંચેલી અને પૂર્ણિમાની સવારની સભામાં જે આંકડો સત્તાણું હજાર સુધી પહોંચી ગયો.

તા. ૧૧મીએ ગુરુપૂર્ણિમાની વહેલી સવારે ચાર વાગ્યે, ધોધમાર વરસતા વરસાદમાં અઢીસોથી ત્રણસો માણસો ભારે હાલાકી વેઠીને પૂજ્ય શ્રીમોટાના દર્શને આવ્યા. તેઓશ્રીના શરીરની સ્થિતિ ઘણી જ ખરાબ હતી. તેઓશ્રી પલંગમાં સૂતા રહ્યા. સર્વ કોઈ પૂજ્ય શ્રીમોટાની બાજુમાંથી પસાર થઈને વિદાય

થવા લાગ્યા. નિશ્ચિત સમય થતાં જ પૂજ્ય શ્રીમોટાએ તૈયારી કરીને નીકળવા કહ્યું. ભારે વરસાદને લીધે રસ્તાઓ બંધ થઈ ગયા છે એવા સમાચાર આવ્યા. છતાં પૂજ્ય શ્રીમોટાએ તો નિશ્ચિત સમયે આશ્રમ છોડ્યો ! ચાર કલાક લગી વરસતા વરસાદે મોટર ઘુમાવવા છતાં કોઈપણ માર્ગ ન મળ્યો એટલે સૂરત આશ્રમે બપોરે ૧૨ વાગ્યે પાછા ફર્યા. અને બીજે દિવસે રસ્તો ખુલ્લો થયાના સમાચાર મળતાં જ સૂરત આશ્રમ છોડીને નડિયાદ આશ્રમે આવવા સવારે નીકળ્યા. ઘણી જ અગવડ વેઠીને તા. ૧૨મી એ સાંજે નડિયાદ આશ્રમે પહોંચ્યા.

સવારમાં બે કલાક આશ્રમે નિયમિત આવનારને તા. ૧૩, ૧૪, ૧૫મી જુલાઈએ પૂ. શ્રીમોટા મળતા પણ ખરા; પરંતુ તા. ૧૬મી જુલાઈએ તેઓશ્રીને પ્રોસ્ટ્રેટનું દર્દ ઉગ્ર બન્યું. પેશાબ સંપૂર્ણ બંધ થઈ ગયો. અને દોઢ દિવસ લગી પેશાબ થયો નહિ. ડૉ. કાન્તાબહેન રામભાઈ પટેલને લાગ્યું કે આ વખતે ડૉક્ટરને બોલાવવા જોઈએ. પણ પૂજ્ય શ્રીમોટાએ ડોક્ટરને બોલાવવાની સાફ ના પાડી. પેશાબ બંધ થવાથી પેશાબનું ઝેર છેક મગજ સુધી પહોંચતું. પરિણામે ક્વ્ચિત જાગ્રતિ પણ ચાલી જતી. એક ડૉક્ટર તરીકે ડૉ. કાન્તાબહેનને દર્દી શ્રીમોટાની સાફ 'ના'ને અવગણીને ડૉક્ટરને બોલાવવા નક્કી કર્યું. પણ એ દિવસે શેઢી નદીમાં ભારે પૂર આવેલું. આશ્રમની બહાર નીકળીને નડિયાદ જવાય એમ ન હતું. છતાં ખેતરો ખૂંદીને, નડિયાદના કિડની સ્પેશ્યાલીસ્ટ ડૉ. વીરેન્દ્રભાઈ દેસાઈને પૂજ્ય શ્રીમોટાના શરીરની આ તકલીફ વિશે જાણ કરી અને સાથે સાથે આશ્રમમાં પહોંચવાની મુશ્કેલી જણાવી. ડૉક્ટરે તરીને આશ્રમમાં જવાની તત્પરતા દર્શાવી. અને કષ્ટ વેઠીને તેઓ આશ્રમે આવ્યા. તા. ૧૭મી ને શનિવારે ડૉક્ટરે પૂજ્ય શ્રીમોટાને કૅથેટર મૂકી પેશાબ બહાર કાઢવા પ્રયત્ન કર્યો. બીજે દિવસે તા. ૧૮મી ની સાંજે ડૉક્ટર વીરેન્દ્રભાઈ ફરીથી આવ્યા. અને એ સાંજે લગભગ બે લિટર જેટલો પેશાબ કાઢી શકાયો. તા. ૧૯મીએ સવારે પૂજ્ય શ્રીમોટાના ચહેરા પરથી સોજા ઓછા થયા. અને રાહત થતી હોય એવા ચિહ્નો વરતાયાં. તેમ છતાં મગજ પર ચઢેલું Toxin-ઝેર ઓછું થયું હોય એવાં એંધાણ ઓછાં હતાં. તા. ૧૯મી જુલાઈએ તેઓશ્રીએ આશ્રમના લેટર હેડ માંગેલા અને એના પર જે લખાણ લખેલું-તેના અક્ષરો જોતા પૂજ્ય શ્રીમોટાની શારીરિક સ્થિતિ ઘણી જ કથળેલી હોય એમ માની શકાય છે. છતાં લખાણ ઘણું જ સ્પષ્ટ છે. પેશાબનું ઝેર મગજ સુધી પહોચ્યું હોય, આગળ બન્ને દિવસ દરમિયાનની ગંભીર સ્થિતિ રહેલી હોય, છતાં પથારીમાં સૂતાં સૂતાં પૂજ્ય શ્રીમોટાએ જે પત્ર લખ્યો છે-એ એમનામાં 'જીવતાજાગતા ચેતન'નું નિદર્શન પૂરું પાડે છે.

તા. ૨૦મી અને તા ૨૧મી જુલાઈએ તો પૂજ્ય શ્રીમોટા સવારમાં પોતાને મળવા આવનાર સાથે વાતો કરતા હતા. પેશાબ થઈ જવાથી એમને ઘણું જ સારું થયું હોય એમ જણાતું હતું. સમયપત્રક મુજબ તા. ૨૨મી જુલાઈએ નડિયાદ આશ્રમથી શ્રી રમણભાઈ અમીનના ફાજલપુરના ફાર્મહાઉસમાં જવાનું હતું. તા. ૨૧મીએ સાંજે પૂજ્ય શ્રીમોટાએ શ્રી રાજુભાઈને નડિયાદના આશ્રમમાં પોતાને ફેરવવા કહ્યું. પૂજ્ય શ્રીમોટાને વ્હીલ ચેરમાં બેસાડીને રાજુભાઈએ મોટાને આશ્રમમાં ફેરવ્યા ત્યારે ત્યાંનાં ફૂલછોડને તેમજ વૃક્ષોને તેઓશ્રી બે હાથ જોડીને પ્રણામ કરતા હતા. પૂજ્ય શ્રીમોટાએ આ ક્રિયા એટલી સહજ રીતે કરેલી કે રાજુભાઈને પણ એનું વિસ્મય કે કૌતુક ન જાગ્યું. પછી તેઓશ્રીએ રાજુભાઈને કહ્યું : 'મારે ન્હાવા માટેનું આ ટબ છે તે જેમનું છે તેમને પાછું મોકલાવી આપજો.'

રાજુભાઈએ દલીલ કરી. 'મોટા, આપણે પાછા ફરીશું ત્યારે જોઈશેને ?'

પૂ. શ્રીમોટાએ કહ્યું : 'એ વખતે પાછું મગાવી લેવાશે !'

તારીખી ૨૨મી જુલાઈએ સમયપત્રક મુજબ પરોઢિયે ચાર વાગ્યે પૂજ્ય શ્રીમોટા તો તૈયાર થયા. વરસાદ ધોધમાર વરસતો હતો. થોડાક સમય વધુ રોકાઈ જવાનું સૂચન પણ થયું. પણ પૂજ્ય શ્રીમોટાએ કહ્યું : 'ગમે તેમ કરીને પણ નીકળવાનું જ છે !'

પૂજ્ય શ્રીમોટાને વરસાદથી રક્ષવા માટે તાડપત્રીનું છત્ર કરીને કારમાં સુવડાવ્યા ! સાથે રામભાઈ અને રાજુભાઈ પટેલ અને ડૉ. કાન્તાબહેન પટેલ અને શ્રી નંદુભાઈ હતા. પૂજ્ય શ્રીમોટાની કારે ઝડપથી આશ્રમ છોડ્યો કે તરત જ આશ્રમની વીજળીના દીવા એકાએક બંધ થઈ ગયા અને અંધકાર ફેલાઈ ગયો. પૂજ્ય શ્રીમોટાને વિદાય આપતાં આશ્રમવાસીઓને કશાક અઘટિતનાં એંધાણ વરતાયાં. કેમકે નડિયાદના આશ્રમની વીજળીલાઈન સ્પેશ્યલ ગ્રીડમાંથી લેવાયેલી છે. નડિયાદમાં વીજળી બંધ થાય પણ હરિઃૐ આશ્રમમાં વીજળી બંધ ન થાય. (આ સંકેતને પૂજ્ય શ્રીમોટાના અનુભવનું એક સમર્થન મળે છે. તેઓશ્રી જ્યારે બનારસમાં હતા. ત્યાં જ્યારે એમની માતાની ગંભીર સ્થિતિના સમાચાર મળ્યા ત્યારે તેઓ પ્રાર્થનાભાવમાં હતા. એ પળે ઓચિંતો વીજળીનો દીવો બંધ થઈ જતાં, પોતાની માતાના શરીરનું અવસાન થયું એમ તેમને તાત્કાલિક ઊગી આવેલું !)

સામાન્ય રીત પરોઢિયે ચાર વાગ્યાથી આશ્રમની પ્રવૃત્તિ આરંભાય છે ત્યારે આમ એકાએક વીજળી બંધ થતાં વાતાવરણ અને કાર્ય સ્તબ્ધ બની ગયાં !

પૂજ્ય શ્રીમોટાએ દેહ છોડવાનો નિર્ણય તો તા. ૧૯મી જુલાઈએ જ લઈ લીધેલો ને એ હકીકતની જાણ માત્ર શ્રી નંદુભાઈને કરેલી. તા. ૨૨મીએ સવારે ફાજલપુર જતાં કારમાં નંદુભાઈને જણાવ્યું કે શ્રી રમણભાઈ અમીનને આ અંગે વાત કરીને સંમતિ મેળવી લેવાની ને જો કદાચ તેઓની આનાકાની કે ખચકાટ હોય તો સૂરત-આશ્રમ જઈને દેહ છોડવો. (સુરત-આશ્રમ શહેરથી છ માઈલ દૂર છે.) ફાજલપુર પહોંચીને શ્રી નંદુભાઈએ શ્રી રમણભાઈને પૂજ્ય શ્રીમોટાએ સૂચવ્યા પ્રમાણે વાત કરી. આ હકીકત સાંભળતા જ પ્રથમ તો શ્રી અમીન સ્તબ્ધ બની ગયા. પણ એમણે તરત જ જણાવ્યું કે 'ઘર પૂજ્ય શ્રીમોટાનું છે. તેમની ઈચ્છાનુસાર તેઓશ્રી કરી શકે છે.'

ત્યાં રાખેલા ટેબલ પર નંદુભાઈએ પોતાનું કામ શરૂ કરી દીધેલું હતું. વહેલી સવારે જ પૂજ્ય શ્રીમોટાએ પોતાના ચશ્માં, ઘડિયાળ અને કંઠી શ્રી રામભાઈ પટેલ મારફત શ્રી નંદુભાઈના ટેબલ પર પહોંચાડ્યાં ! સામાન્ય રીતે તેઓશ્રી આ વસ્તુઓ પાસે રહેલ વ્યક્તિને સાચવવા આપે. કદી પણ શ્રી નંદુભાઈના ટેબલ પર આ વસ્તુઓ આવેલી નહિ. એથી શ્રી નંદુભાઈને કંઈક નવીન તો ભાસ્યું જ. શ્રી નંદુભાઈ પૂજ્ય શ્રીમોટા પાસે ગયા.

પૂજ્ય શ્રીમોટાએ પોતાનો નિર્ણય જણાવ્યો, કે આજે ચાર વાગ્યા પછી હું દેહ છોડવાની પ્રક્રિયા શરૂ કરીશ. મને કોઈએ બોલાવવો નહિ-સ્પર્શ કરવો નહિ.

શ્રી નંદુભાઈએ કહ્યું : 'મોટા, થોડોક વધુ સમય પસાર કરો.' અને તેમણે દલીલ કરતાં કહ્યું : 'વરસાદ ઘણો છે. દેહનો અગ્નિસંસ્કાર કરવો ફાવે નહિ !'

પૂજ્ય શ્રીમોટાએ કહી દીધું કે, 'અગ્નિસંસ્કાર કરવાનું ન ફાવે તો દેહને નદીમાં નાંખી દેજો' અને અંગ્રેજીમાં ભારપૂર્વક બોલ્યા 'કે આ હવે ચર્ચાનો વિષય નથી !'

આ સાંભળી કોઈ કશું જ બોલ્યા નહિ. પૂજ્ય શ્રીમોટાનો તથા આશ્રમવાસીઓનો સવારે ૧૦ વાગ્યે જમવાનો નિયમ... પૂજ્ય શ્રીમોટા એ દિવસે તે સમયે જમ્યા નહિ. બાકીનાં સૌએ જમી લીધું. શ્રી રમણભાઈ જમીને ઓફિસે ગયા. બપોરે ત્રણ વાગ્યે શ્રી રમણભાઈ અમીન ફાજલપુર આવ્યા. ત્યારે તેમનાં સંતાનો ફાજલપુર હતાં. પૂજ્ય શ્રીમોટાએ તેઓ સાથે વાતો કરી. ખબર અંતર પૂછ્યા. ફાજલપુરમાં પૂજ્ય શ્રીમોટા હોય ત્યારે પરિવારના સભ્યો આવે ને મળી જાય. સંતાનો વિદાય થયાં.

કોઈને કશું જ જણાવવામાં આવેલું નહિ. પૂજ્ય શ્રીમોટા વરંડામાં સૂતેલા. બરાબર ચાર વાગ્યે તેઓશ્રીએ કહ્યું : 'મને હવે અંદર લઈ જાઓ.'

સૂવાના ઓરડામાં પૂજ્ય શ્રીમોટાને સુવાડ્યા પછી તેઓશ્રીએ એકલા શ્રી નંદુભાઈને બોલાવ્યા અને પોતાની પાસેનાં લખેલાં પાનાં આપ્યા. તેઓશ્રીએ આ પાનાં પરનું લખાણ બપોરના ત્રણ વાગતાં પહેલાં લખેલું. એ લખાણ તેઓશ્રીએ સૂતાં સૂતાં-પડખું ફેરવીને-લખેલું હતું. અને બીજી કેટલીક લખેલી ચિઠ્ઠીઓ આપી. પાંચ-સાત મિનિટ શ્રી નંદુભાઈ સાથે વાતો કરી. એ પછી બીજા પાંચેય જણને બોલાવ્યાં—(૧) શ્રી રમણભાઈ અમીન (૨) શ્રી રામભાઈ પટેલ (૩) શ્રીમતી ધીરજબહેન અમીન (૪) શ્રીમતી ડૉ. કાન્તાબહેન પટેલ (૫) શ્રી રાજુભાઈ પટેલ. એ વખતે શ્રી નંદુભાઈએ પૂજ્ય શ્રીમોટાને પૂછ્યું : 'મોટા, તમને પેશાબ માટે આ કૅથેટર મૂકી છે-અને પ્લાસ્ટિકની કોથળી બાંધી છે તે કાઢી લઈએ ?'

પૂજ્ય શ્રીમોટાએ 'ના' કહીને જણાવ્યું કે 'એને ન કાઢશો. એ તો મારી જીવનસંગિની છે !' પછી છેલ્લે માત્ર એટલું જ કહ્યું : 'હવે મને બોલાવશો નહિ અને અડશો નહિ, તમારે બહાર જવું હોય તો બહાર જઈ શકો છો.' આમ કહી બરાબર ૪-૨૦ મિનિટે તેઓશ્રીએ આંખ મીચી. શ્રી નંદુભાઈ પૂજ્ય શ્રીમોટાના માથા પાસે એક સ્ટૂલ પર બેસી, 'હરિઃૐ'નો જપ કરવા લાગ્યા. આઠ કલાક પસાર થયા ત્યારે શ્રી નંદુભાઈને સહજ પ્રેરણા થઈ ને લાગ્યું કે પૂજ્ય શ્રીમોટા ૧-૨૦ વાગ્યે શરીર ત્યજી દેશે ! શ્રીઅરવિંદે પણ ૧-૩૦ વાગ્યે શરીર ત્યજેલું. એ દિવસે પણ શુક્રવાર હતો. એમને પણ પ્રોસ્ટ્રેટનું જ દર્દ હતું.

રાતના સાડા બાર વાગ્યે ડૉ. કાન્તાબહેને પૂજ્ય શ્રીમોટાની નાડીના ધબકારા ગણ્યા. ૩૦-૩૫ સુધીના નાડીના ધબકારા હતા. બરાબર ૧-૨૫ વાગ્યે નાડીનો ધબકાર બંધ થયો એમ નોંધાયું-તરત જ સ્ટેથોસ્કોપથી હૃદય ધબકાર જોયા તો હૃદય બંધ પડી ગયેલું. પૂજ્ય શ્રીમોટાના હોઠ સહેજ ખુલ્લા થઈ ગયેલા. એ સિવાય શરીરમાં ક્યાંય ખેંચ-કે બીજું ઉગ્ર ચિહ્ન નહોતું વરતાયું ! સવારે છ ને દસ મિનિટ લગી શરીરમાં કશો જ ફેરફાર થયો ન હતો. જે સંદેશાઓ અને પત્રો મોકલવાના હતા તે શ્રી નંદુભાઈએ લખવાની શરૂઆત કરી. વહેલી સવારના ૧-૩૦ થી ૫-૩૦ લગી એ સંદેશાઓને લખવાનું કામ શ્રી નંદુભાઈએ કરેલું.

શ્રી રમણભાઈનું ફાર્મ હાઉસ મહી નદીની ઊંચી ભેખડ પર છે. એ ભેખડ ઉપર બાંધેલો ઓવારો ગયા વરસે તૂટી ગયેલો. આ વખતે નદીએ જવાની કેડી ૧૯૭૬ના મે મહિનામાં જ અઢી ફૂટ જેટલી પહોળી કરાવેલી. પહેલાં આ જગાએથી નદીના કિનારે આવવા ઊતરવા માટેની સાંકડી કેડીનો માર્ગ હતો. આ માર્ગ પહોળો બનાવાતાં પૂજ્ય શ્રીમોટાના શરીરને ઊંચકીને બે-બે માણસો સરળ રીતે ઊતારી શક્યા હતા. એ પહેલાં શબને નવડાવવાનું સૂચન થયેલું. પણ માત્ર 'સ્પંજ' કરવામાં આવેલું. ઘીનો દીવો કે અગરબત્તી પણ કરાયેલાં નહિ કે નહોતું સુખડનું કાષ્ટ પણ.

લાકડાં એકઠાં કરીને, નદી કિનારાના ભાગનું લેવલિંગ કરીને, ચિતા ગોઠવવાનું કામ ત્યાંના ફાર્મના વ્યવસ્થાપકે ઘણી જ કુનેહ-કુશળતાથી કરેલું. સવારે ૬-૧૦ મિનિટે (તા. ૨૩મી જુલાઈ, ૧૯૭૬) પૂજ્ય શ્રીમોટાના શરીરને ચિતા પર સુવાડ્યું. ત્યારે શ્રી રામભાઈએ કહ્યું કે 'મોટા તો નાગાબાવાની જમાતના-એમણે તો સંસારીનો વેષ ધારણ કરેલો, માટે આટલી લુંગીની પણ શી જરૂર ?' રામભાઈની આ વાત સ્વીકારાઈ અને પૂજ્ય શ્રીમોટાને વીંટાળેલી લુંગી લઈ લેવાઈ. અંતિમ અગ્નિસંસ્કાર શ્રી રમણભાઈના હસ્તે થયો ! બે કલાક અને દસ મિનિટમાં પૂજ્ય શ્રીમોટાનો દેહ સંપૂર્ણપણે માટીમાં

ભળી ગયો ! ચારેય ભાઈઓએ ફરમાન મુજબ અસ્થિ-રાખ વગેરે પાવડાથી ખેંચીને નદીમાં 'પૂરેપૂરાં' પધરાવી દીધાં !

સવારે ૯-૪૫ વાગ્યે જમીને સૌ વિખરાયાં. શ્રી રમણભાઈ અને ધીરજબહેન વડોદરે ગયાં. અને બાકીનાં ચાર જણ નડિયાદ આશ્રમે આવ્યાં. પહેલી કારમાં શ્રી નંદુભાઈ એકલા આશ્રમના કમ્પાઉન્ડમાં આવ્યા ત્યારે આશ્રમવાસીઓમાં શ્રી મણિભાઈ પટેલ, શ્રી ગોરધનભાઈ પટેલ અને સૌ. શાન્તાબાને ભારે આશ્ચર્ય થયું ! શ્રી નંદુભાઈએ ખબર આપ્યા કે, 'મોટાએ દેહત્યાગ કર્યો અને અમે એમનો અગ્નિસંસ્કાર કરીને પાછા ફર્યા છીએ.'

અને થોડીક ક્ષણોમાં હરિઃૐ આશ્રમ-નડિયાદ 'હરિઃૐ'ની ધૂનથી અને પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને આ સમાચારની જાણ કરતા પત્રો લખવાની પ્રવૃતિથી ધમધમી રહ્યો. આશ્રમના પ્રણેતા અને સૃષ્ટાના દેહવિલય પછી ભક્તિ અને કર્મ આટલી સાહજિકતાથી થતાં હોય એવું દૃશ્ય નજરે જોનારને વિસ્મયમાં મૂકી દે એવું હતું.

આ લખનાર બપોરે ત્રણ વાગ્યે આશ્રમે પહોંચ્યાં ત્યારે ઝાંપા બહાર કો'કે કહ્યું : 'બધું જ પતી ગયું !'

પૂજ્ય શ્રીમોટા જ્યાં હંમેશાં સૂતા હતા એ ચોતરા તરફ હું વળ્યો. પૂજ્ય શ્રીમોટાનો પલંગ ખાલી હતો. છતાં હું જોઈ શક્યો-અનુભવી શક્યો કે અહીં કશું જ પતી ગયું નથી ! ખરેખર તો હવે જ ખરું કામ શરૂ થઈ રહ્યું છે !

ચાહક ભાઈ-બહેનો આવતાં ગયાં. પૂજ્ય શ્રીમોટાની સ્થૂળ હાજરીમાં પણ ભાવભર્યાં હૈયાં સાથે આંસુ છલકાતી આંખો જોવા મળતી હતી, તેવી આંખો આજે વધુ ભાવાવેગથી છલકતી હતી. અહીં બધાં જ કામમાં લાગી ગયેલા. કેમકે ભાવને કર્મમાં વાળવાથી જ ભાવ પ્રતિષ્ઠિત થાય છે એમ પૂજ્ય શ્રીમોટાએ કહેલું છે. થોડીક વાર પછી પૂજ્ય શ્રીમોટાનો ફોટો લાવીને પલંગ પર મૂકવામાં આવ્યો ત્યારે તો જાણે એમ જ આશ્ચર્ય પ્રશ્ન થયો, કે : 'મોટા ક્યાં નથી ?'

તા. ૨૯-૩-૩૯ના રોજ પૂજ્ય શ્રીમોટાના શરીરનો ગુપ્ત ભાગ બળી ગયેલો. અને શરીર છોડ્યું ત્યારે પણ એ જ ભાગે કેથેટર મૂકેલું હતું. પૂજ્ય શ્રીમોટાએ એને 'જીવનસંગિની' કહી. યોગાનુભવમાં પુરુષ શરીર પર બનતી આવી ક્રિયા અંગે યોગશાસ્ત્રના જાણકાર પ્રકાશ પાડીને એની યથાર્થતા સમજાવી શકે. આ સ્થૂળ ઘટના માત્ર યોગાનુયોગ નથી, પણ યોગાનુરૂપ છે.

*('પદ્મની રજધૂલિકાનો પ્રતાપ' ૧લી આ., પૃ. ૧૯ થી ૩૦)*

## ૩. શ્રીકૃષ્ણ ભગવાન - ડૉ. રમેશ મ. ભટ્ટ

દેવયોનિ પણ ભોગવવાની યોનિ છે. પુણ્ય ખલાસ થાય એટલે પાછો મનુષ્યયોનિમાં જન્મ લેવો પડે. જ્યારે ભક્ત લોકો દુષ્ટ લોકોથી હેરાન થાય ત્યારે એ ભગવાનને પોકારે છે કે "હે ભગવાન, આ પૃથ્વીરૂપી ગાયને છોડાવો" તેમના આવા પોકારથી ભગવાન મનુષ્યનું જીવન ધારણ કરીને ભક્ત લોકોને ત્રાસમાંથી મુક્ત કરે છે. મનુષ્ય સમાજ ઊર્ધ્વ ગતિ પ્રેરાવવાને ધક્કો મારે છે. શ્રીકૃષ્ણ સાક્ષાત્ ભગવાન હતા. એમના કુટુંબીજનો-યાદવો એમને ન ઓળખી શક્યા. તેઓ સત્તાના મદમાં અંધ બની ગયેલા. ઋષિ-મુનિઓની પણ મશ્કરીઓ કરતા હતા. આખરે દારૂ પીને માંહોમાંહે કપાઈ મૂઆ. મહાભારતના યુદ્ધમાં કેટલાયે મનુષ્યોનો સંહાર થઈ ગયો. અર્જુન કહેતો હતો કે આ લડાઈમાં મને ન પ્રેરો યુદ્ધને પરિણામે જે વર્ણસંકર પ્રજા થશે તેનું પાપ મને લાગશે. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે તું મારો ભક્ત થઈ જા પછી ગમે તે કરીશ તો પણ પાપ નહિ લાગે.

ભગવાન પૃથ્વી પર ઊતરે છે એનો હેતુ હોય છે. છતાં બધા તેનો લાભ લઈ શકતા નથી. એ તો જે ભક્ત હોય એ જ એનો લાભ લઈ શકે છે.

*('મૌનમંદિરનો મર્મ' ૧લી આ., પૃ. ૨૮-૨૯)*

## ૪. ગુરુપૂર્ણિમાની ઉજવણી કેવા ભાવથી કરવી ? - પૂ. શ્રીમોટા

ગુરુપૂર્ણિમાનો દિવસ દરેક જીવે, પોતપોતાની રીતે વ્યક્તિગતપણે ઊજવવાનો હોય છે. દરેક સાધકે તે દિવસે ગુરુના શરીરને નહિ, તેના મનને નહિ, કે તેની બુદ્ધિને નહિ, પરંતુ તેના ભાવને મહત્ત્વ આપીને તેની જેટલી વાસ્તવિકતા આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ સ્વીકારે તે રીતે ગાળવાનો છે. તે સારોયે દિવસ ગુરુની ભાવનામાં અખંડપણે વહે ને ગુરુની ભાવનાનો સંપર્ક આપણા કોઈ પણ કરણને થાય તો તે દિવસ આપણે ઠીક ઊજવ્યો ગણાય.

આપણે આપણામાં છીએ તેના કરતાં બહારમાં વિશેષ છીએ. એટલે સાધક તો પોતે પોતાનામાં જેટલો વધારે રહે તેટલું ઉત્તમ. બહારની ઘડભાંજોને, માથાકૂટને, વાતચીતને, બહારના કામને ને બહારનાં સ્વરૂપને એણે વળગી રહેવાનું નથી. જ્યારે જ્યારે તેમ થાય ત્યારે તેણે ઝાટકો મારીને વિખૂટા પડવું, ને અંતરમાં વળ્યાં કરવાનું છે. દિવસભરમાં એમ અનેક વાર જાગૃતિ રાખ્યાં જ કરીએ તો અંતરમાં વળ્યાં કરવાનો અભ્યાસ પાકો થતો જાય. જે તે કંઈ અભ્યાસથી આવડે છે. અભ્યાસ વિના સાધનામાં પ્રાણ પણ ન પ્રગટે. અભ્યાસ દૃઢ થતાં તેમાં હૃદય પણ રેડાય ને સામેલ થાય. અભ્યાસથી કરીને એક પ્રકારની લઢણ જાગે છે અભ્યાસથી જે લઢણ અને તેમાં એક પ્રકારની ઘરેડ પણ થઈ જવા સંભવ ખરો; **તેથી અભ્યાસમાં વારંવાર આપણે બુદ્ધિ વડે કરીને, કલ્પના વડે કરીને, હૃદયની લાગણીઓ વડે કરીને, ભાવનાનું ઉદ્દીપન વારંવાર કર્યા કરવાનું રહે છે. કંઈક હૃદયમાં શુષ્કતા લાગે કે તુર્ત ઉપરની રીતે ભાવનાને જગાડતા રહેવું. દિવસમાં કંઈ નહિ તો ૨૦-૨૫ વાર એવી રીતે ભાવનાને જગાડવાનો પ્રયત્ન કરવો.** હું તને ઉપાયો તો બતાવું છું. પણ તે પ્રમાણે તું કરે ત્યારે ને ? કરી જોવાથી ઉપાયની યોગ્યતા અને મહત્તા ખબર પડે. માટે જ્ઞાનભાન રાખીને કર્યા કરવામાં જ સાર છે.

આપણે આપણા અભ્યાસમાં જો મક્કમ અને પાકાં થતાં જઈશું, અને આપણા અભ્યાસમાં જ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ મંડ્યાં રહેતાં હશે, તો આગળપાછળનાંને પણ આપણી સમજણ પડ્યા કરવાની. તેમને પણ થશે કે 'આ છોકરી હવે ખરેખર કંઈક કરે છે તો ખરી.' પણ તેમના ઉપર છાપ ઉપજાવવાને કે અસર પેદા કરવાને નહિ, પણ આપણે તો જે તે કંઈ કરવાનું છે તે આપણા પોતાના માટે જ કરવાનું છે.

*('જીવનની અમીરેખા' ૧લી આ., પૃ. ૧૪ થી ૧૬)*

## ૫. મન મારામાં પરોવ - ડૉ. રમેશ મ. ભટ્ટ

લોકો કહે છે કે ભક્ત લોકો ભોળા હોય છે, પણ એ વાત ખોટી છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે, "હું મારા ભક્તને બુદ્ધિયોગ આપું છું. હૈયાસૂઝ પ્રગટે નહિ એ વાત ખોટી છે. ભાવના બધો પ્રકાશ પ્રેરે છે. ભાવના પ્રગટે તેને હૈયાસૂઝ પ્રગટે. **મારા ગુરુમહારાજે મને કહ્યું : "તારું મોં જ્યાં સુધી મારા તરફ ફરે નહિ અને એકધારું મારામાં ન રહ્યા કરે, એકધારું મનન-ચિંતન મારામાં ન થાય, ત્યાં સુધી કશું વળે નહિ."** ગીતામાં પણ આ જ વાત કહી છે. "તું મારો ભક્ત થઈ જા" અર્જુન પહેલાં તો કહેતો હતો કે "યુદ્ધથી વર્ણસંકર પ્રજા થાય છે" ત્યારે **ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે, "કર્મ તો કરવાં પડશે પણ તારું મન મારામાં પરોવી દે અને કર્મ કર્યે જા." કર્મને અવગણવાં એ તો ભગવાનને અવગણવા બરાબર છે.** એથી કર્મને યજ્ઞનું રૂપક આપવામાં આવ્યું છે. મતલબ કે યજ્ઞની ભાવનાથી આપણે કર્મ કરીએ. કેટલાયે આત્માઓ સંસારમાં રહીને ભગવાન સાથે રહી શક્યા.

*('મૌનમંદિરનો મર્મ' ૧લી આ., પૃ. ૪૮)*

# ૬. શ્રી સદ્‌ગુરુ તત્ત્વદર્શન

**- શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય**

અત્રે જે કાંઈ લખાઈ રહ્યું છે તે પૂ. મોટાના અને તેમના ગ્રંથના અતિ પ્રિય એવા 'સદ્‌ગુરુ તત્ત્વદર્શન'નાં પ્રેમભાવે સ્મરણ અને દર્શન કરવાની, સરલ પ્રેમભાવે તેમના પ્રેમાશ્લેષમાં સમાવાની, નમ્રભાવે તેમનાં શ્રીચરણોમાં આળોટવાની નિઃસંકોચ ચેષ્ટા છે. આ તો મુક્ત કંઠે ગવાતું પ્રેમનું સ્તવન-પ્રસ્તવન છે.

'ગુરુવાદ' એક વસ્તુ છે અને 'ગુરુતત્ત્વ' જુદી વસ્તુ છે. આવે વખતે પૂ. મોટાએ 'ગુરુતત્ત્વ' વિષે ગ્રંથ લખ્યો છે. પૂ. મોટા તેમના બાહ્ય ઢંગથી ભલે જૂનવાણી લાગતા હોય, પણ હકીકતમાં ચોક્કસ વૈજ્ઞાનિક દૃષ્ટિવાળા કેવળ અર્વાચીન જ નહીં, પણ સવિશેષ અર્વાચીન - Ultra Modern છે. તેઓ એમ ને એમ, પ્રયોગ વિના કેવળ ગતાનુગતિક રીતે કશુંયે સ્વીકારી લેતા નથી. તેમણે અત્યાર સુધી જે કેવળ શ્રદ્ધાના જ વિષયો ગણાતા હતા, તેમને પ્રત્યક્ષ પ્રયોગ અને તેમની સાધનાથી બુદ્ધિગમ્ય (rational) બનાવી આપ્યા છે.

દા.ત., નામસ્મરણનો વિષય કેવળ શ્રદ્ધાનો હતો. કોઈ એ શ્રદ્ધાને પડકારતું ન હતું. તેઓશ્રીએ આ વિષયને બુદ્ધિગમ્ય બનાવીને આપણી સમક્ષ મૂક્યો છે. નામ કે શબ્દને સુદૃઢ રીતે સતત ને સળંગપણે વળગવાથી આપણા પંચમહાભૂતોમાંનું 'આકાશ' તત્ત્વ મોખરે આવે છે, કારણ કે શબ્દ આકાશનો ગુણ છે-કહો કે આકાશનું સગુણ સ્વરૂપ છે. આકાશતત્ત્વ મોખરે આવવાથી બાકીના મહાભૂતોના રજસ્‌, તમસ્‌ આદિ ગુણો મોળા પડે છે. આ રીતે પ્રકૃતિની નબળાઈઓ ઉપર કાબૂ આવે છે. નામસ્મરણને આવી વૈજ્ઞાનિક રીતે કોઈએ ક્યારેય સમજાવ્યું હોય તેવું જાણ્યું નથી.

શ્રીસદ્‌ગુરુની પ્રાપ્તિ એ આંતરજીવનની એક વિરલ ગૂઢ ઘટના છે. ગુરુ કોઈ વ્યક્તિ નથી, પણ ચેતનની અભિવ્યક્તિ છે. કેન્દ્ર અને પરિઘ વિનાનો ચેતનનો એક અનંતવ્યાપી તેજઃપુંજ છે. તે દેહધારી છે, તેમનો દેહ પણ સત્ત્વરૂપ બનેલો છે.

ગુરુરૂપ ચેતનનો તેજોમય પુંજ પોતાનાં આંદોલનો સતત પ્રસરાવે છે. અનિયંત્રિત અને અવ્યવસ્થિત પ્રકૃતિના તાબામાં ગૂંચવાયેલા, અટવાયેલા જીવના ચેતનમાં પ્રકૃતિના આવરણથી મુક્ત સત્પુરુષના ચેતનનો સંચાર થવાનો સુયોગ આવે છે, ત્યારે નિમિત્ત થવા સર્જાયેલા જીવના ચેતનમાં સળવળાટ શરૂ થાય છે. જાગીને બેઠું થયેલું જીવનું ચેતન તેની અનિયંત્રિત ને અવ્યવસ્થિત પ્રકૃતિના આવરણમાંથી મુક્ત થવા જોર કરે છે. તેમાંથી જિજ્ઞાસાનો અગ્નિ પ્રગટે છે. જીવમાં જીવનક્રાંતિનાં મંડાણ થાય છે. ચેતનમાં પ્રગટેલા સત્પુરુષનું સંચારી ચેતન આમ તો સામાન્ય રીતે સૂર્યની જેમ સૌને સ્પર્શે છે; પરંતુ કોઈ ગૂઢ ઋણાનુબંધને કારણે તેના જ સ્વજન થવા, નિમિત્ત થવા સર્જાયેલા જીવમાં વિશેષરૂપે સંચાર કરી, તેનામાં અભીપ્સા, જિજ્ઞાસાનો અગ્નિ પ્રગટાવે છે. અને તે અગ્નિ જ કોઈ ધન્ય ક્ષણે ગુરુના ચરણમાં જીવને સમર્પણ થઈ જવા પ્રેરે છે. ત્યારે સદ્‌ગુરુને અને સત્‌શિષ્યને સાચી ઓળખાણ થાય છે. આ બનતું અનુભવાય, ત્યારે જ ખરેખર શ્રી સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ છે એમ કહેવાય. સદ્‌ગુરુ કે સત્પુરુષ સાથેનો માત્ર બાહ્ય સ્થૂળ મેળાપ, સંપર્ક એ સદ્‌ગુરુની પ્રાપ્તિ નથી. સત્‌શિષ્યને પોતાના જેવો બનાવવા ગુરુ તપે છે અને આખરે પોતાના જેવો જ બનાવીને છોડે છે. આ ગુરુનો ધર્મ છે. આ રીતે જ્યારે સંપૂર્ણપણે સમર્પણ થઈ જવાનો સહજ પ્રચંડ ભાવનાનો જોશ પ્રગટે, ગુરુનો શબ્દ એ જ જીવનનું એકમાત્ર કર્તવ્ય લાગવા માંડે, આપણી નિરંકુશ પ્રકૃતિ સ્વેચ્છાએ ગુરુને આધીન થવા તૈયાર થઈ જાય, ત્યારે આપણને ગુરુનો સ્પર્શ થયો છે એમ કહેવાય.

શ્રીસદ્‌ગુરુને કેવળ આપણી અત્યારે છે તેવી બુદ્ધિથી ઓળખવાની પ્રવૃત્તિ વ્યર્થ છે. શ્રીસદ્‌ગુરુનો ખોરાક ભાવ-ભક્તિ છે, પ્રેમ છે. શ્રીસદ્‌ગુરુને પ્રેમના પ્રકાશમાં જ સમજી શકાય. બીજી કોઈ રીત છે જ નહીં. ચેતનનિષ્ઠ સદ્‌ગુરુમાં સચેતન જીવને આકર્ષવાની આગવી શક્તિ હોય છે. આ આકર્ષણ સદ્‌ગુરુના ભાવનું છે. સદ્‌ગુરુ સાક્ષાત ભાવમૂર્તિ હોય છે. સદ્‌ગુરુની ચેતનાનો આપણામાં સંચાર થયો હોય, તો સાથે સાથે ભાવનો પણ સંચાર થયેલો હોય જ. આથી આપણને આપણા સદ્‌ગુરુ પ્રત્યે ઓળઘોળ થઈ જવા જેવો ભાવ પ્રગટતો અનુભવાય ત્યારે જ સદ્‌ગુરુની આપણને પ્રાપ્તિ થઈ છે, એમ નિર્ભ્રાન્તપણે માની શકાય.

ભાવ-પ્રેમ પ્રગટે તો તેનું પ્રત્યક્ષ લક્ષણ છે સ્મૃતિ. પૂ. મોટાએ સ્પષ્ટ લખ્યું છે કે જો આપણી ભીતરમાં પ્રતિક્ષણ સદ્‌ગુરુ પરત્વેનું કંઈ ને કંઈ ચાલ્યા કરતું લાગે તો જ સમજવું કે આપણે સદ્‌ગુરુને આપણા પ્રાણમાં પ્રતિષ્ઠિત કર્યા છે.

જ્યારે શ્રીસદ્‌ગુરુની ચેતના સાધકમાં અવતરણ કે સંચાર કરે છે, ત્યારે સાધકની સુષુપ્ત ચેતના સળવળીને સફાળી જાગ્રત થાય છે. જાગીને ઊર્ધ્વમાં કરોડરજ્જુને માર્ગે આરોહણ કરે છે. આખરે મસ્તકની ટોચે આવેલા સહસ્ત્રારચક્રમાં દબાણ સાથે સ્થિર થાય છે. આમ થયા પછી સાધકના જીવનનો સર્વોપરી રસ, આ રસની જાળવણી બની જાય છે. દુન્યવી રસો તત્કાળ સુકાઈ જતા નથી, પણ ગૌણ બની જાય છે. આ જીવંત સ્પર્શ જળવાઈ રહે, તેની સાવધાની સાથે જ તે ઈતર રસોમાં પ્રવૃત્ત થાય છે. આ સ્પર્શના ભોગે તે ત્રણ રાજ્યને પણ સ્વીકારવા રસ ધરાવી શકતો નથી. આ સ્પર્શ સાથે તે ગમે તેવી યાતનાઓ અને કસોટીઓમાં ખમીરવંતો બનીને ઝઝૂમી શકે છે. કોઈ સંજોગોમાં આ સ્પર્શ નિર્બળ બનતો અનુભવે, તો તેની બેચેનીનો પાર રહેતો નથી. તે ઊંચો નીચો થઈ જાય છે. તે વાસ્તવિકપણે અનુભવે છે કે આ સ્પર્શ એ જ જીવન છે, તેનો અભાવ મૃત્યુ છે. પૂ. મોટાએ સદ્‌ગુરુનું સાધકના જીવનમાં શું ને કેવું સ્થાન છે, તે આ શ્લોકમાં સ્પષ્ટ બતાવ્યું છે :

**'જીવવું એકલું માત્ર ગુરુ વિના હરામ છે,**
**જીવવું ગુરુ વિનાનું જાણે જાય જ પ્રાણ છે.'**

આ સાચા સાધકના જીવનની એક વાસ્તવિકતા છે. આ કંઈ અલંકારયુક્ત કાવ્યાત્મક કલ્પના નથી. આ વાસ્તવિકતા અનુભૂતિનો વિષય છે. શ્રીમદ્‌ભાગવતમાં રાસલીલાનો પ્રસંગ છે તે આ ગાઢ અનુભૂતિનું પ્રતીક છે. શ્રીકૃષ્ણ જેવા સ્વજન મળતાં ગોપીઓને સકારણ ગર્વ થાય છે. શ્રીકૃષ્ણનો સાથ મળવો એ પરમ સૌભાગ્યનું નિશાન છે; પણ સાથની બાબતમાં પણ થયેલું સૂક્ષ્મ સાત્ત્વિક અભિમાન થતાં કૃષ્ણ અદશ્ય થાય છે, અને તેમ થતાં ગોપીઓ મૃતઃપ્રાય બની જાય છે. ગોપીઓ પોતાના પ્રાણ શ્રીકૃષ્ણમાં ધારણ કરી રહી હતી. त्वयि धृतासव :

ગૌરાંગ મહાપ્રભુજીને જ્યારે પૂછવામાં આવ્યું કે જીવનમાં શ્રીકૃષ્ણ માટે પ્રેમ કેવી રીતે પ્રગટે ? તેમણે જવાબ આપ્યો : 'ગોપીના અનુગત થાઓ.' ગોપી એટલે કૃષ્ણને માટે જેના જીવનમાં પ્રેમ પ્રગટી ચૂક્યો છે તે. આવા પ્રેમીને સર્વાંશે અનુસરવાથી જ આપણા હૃદયમાં શ્રીહરિને માટે પ્રેમ જન્મે. પ્રેમ જ પ્રેમ પ્રગટાવી શકે.

પૂ. મોટાએ પોતાની જીવનસાધના, પોતાનો સદ્‌ગુરુ સાથેનો સંબંધ, તેમની ઉગ્રમાં ઉગ્ર થથરાવી નાંખે તેવી ઉત્કટ તપશ્ચર્યા, તેમનો મરણિયો નિર્ધાર, તેમની શ્રીસદ્‌ગુરુચરણમાં પ્રચંડ શ્રદ્ધા વગેરે મન મૂકીને વર્ણવ્યું છે. અગ્નિ વચ્ચે બેસી રહેવાની, સમુદ્ર પર ચાલવાની, ધોધ નીચેની ગુફામાં બેસી સાધના કરવાની, સિંહ વચ્ચે બેસી રહેવાની તેમનામાં શક્તિ ક્યાંથી આવી ? સદ્‌ગુરુના બોલને પ્રાણપણે આચરવાની અસાધારણ તાકાત ક્યાંથી આવી ? સદ્‌ગુરુના આદેશને અનુસરવા માટેની અસીમ,

ઉત્કટ શ્રદ્ધા ક્યાંથી જન્મી ? એનો ઉત્તર એ જ છે કે પૂ. મોટામાં સદ્‌ગુરુ પરત્વેનાં જે પ્રેમભક્તિ હતાં, અને પોતાનું સર્વસ્વ શ્રીસદ્‌ગુરુને સમર્પિત કર્યું હતું. એટલે પૂજ્ય મોટા શ્રીસદ્‌ગુરુના હાથમાં એક નિમિત્ત બની રહ્યા હતા. જાણે કે શ્રીકૃષ્ણના હાથની, પોલી સૂકી વાંસળી! તેમને સાધનામાં જે શ્રદ્ધા, નિર્ભયતા, તત્પરતા, મરજીવાપણું, શક્તિ મળ્યાં, તે શ્રીસદ્‌ગુરુનાં જ હતાં, જો આમ ન હોય તો સામાન્ય માનવીનું આ ગજું ન હોઈ શકે.

આપણે ભક્તિથી, પ્રેમથી સદ્‌ગુરુને સર્વાંશે સોંપાઈ જવું જોઈએ. તેમનું આપણે સાચી રીતે નિમિત્ત બની જવું જોઈએ.

શ્રીસદ્‌ગુરુને આપણે ''સાક્ષાત પરબ્રહ્મરૂપે'' સમજવાના સંસ્કાર સાથે જન્મેલા છીએ. પૂ. મોટા આ ગ્રંથમાં સ્પષ્ટપણે 'ચેતન' અને 'અનુભવી' વચ્ચે ભેદરેખા દોરે છે. ચેતનને નિમિત્તની જરૂર હોતી નથી, ચેતન અવનવું સર્જી શકે. અનુભવી નિમિત્તમાં જ ચેતનરૂપે પ્રવર્તી શકે છે. વળી એમ પણ કહે છે કે ચેતનનિષ્ઠ સદ્‌ગુરુને નિમિત્તો રહ્યાં જ કરે છે અને નિમિત્તમાં તો તે ચેતનરૂપે જ પ્રવર્તે છે. તર્કની દૃષ્ટિએ ચેતન અને ચેતનપુરુષમાં તાત્વિક ભેદ નથી. પણ જે ભેદ છે તે કક્ષાત્મક છે એટલે difference of degreeનો છે. ચેતનની શક્તિમત્તા અનંત છે, તો ચેતનપુરુષની શક્તિમત્તા ચેતનની સરખામણીમાં મર્યાદિત છે.

શ્રીસદ્‌ગુરુ 'મુક્તિના ધોરણે' નિમિત્તમાં બંધાયેલા છે, એમ પૂ. મોટા એક શ્લોકમાં કહે છે. સદ્‌ગુરુ ચેતનનું પ્રતીક છે. આ ચેતનની વાસ્તવિકતા એવી છે કે તેમાં બધા વિરોધાભાસોનો સહજપણે સમન્વય થઈ જાય છે. અને માટે તેમને કોઈ જુદો પ્રયાસ કરવો પડતો નથી. તે નિમિત્તમાં ઓતપ્રોત છે અને એકીવખતે જ તટસ્થ પણ છે. તે એકીસાથે બંધાયેલા છે ને મુક્ત છે. તેમનું જીવન જ અભેદ હોવાથી તે નિમિત્તરૂપ જીવને, તેની જીવદશાને જાણે છે. છતાં તે તો તેનામાં રહેલા પોતાના અંશરૂપ ચેતનની સાથે જ ઓતપ્રોત થાય છે. પોતે મુક્ત ચેતનરૂપ હોવાથી નિમિત્તની પ્રકૃતિ તેને બાંધી શકતી નથી.

આ દૃષ્ટિએ વિચારીએ તો પૂ. મોટાએ આ ગ્રંથમાં લખ્યું છે કે 'સદ્‌ગુરુનું બેસણું સ્થિતપ્રજ્ઞથી પણ ઊંચું છે.' એ વિધાન સમજી શકાય છે. ગીતાના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ને વ્યાખ્યા આપ્યાં છે, તે જોતાં તે માત્ર સાધનામાં આવતી એક સ્થિતિ જ હોય એમ લાગે છે. આ સ્થિતપ્રજ્ઞતા એક પ્રકારના નિરોધની અવસ્થા હોય તેવો ભાસ થાય છે. તમામ કામનાઓનો ત્યાગ, કૂર્મની જેમ અંગોને અંદર સમાવી લેવાનાં વગેરે દ્વંદ્વો સામે ખડાં થાય ત્યારે કંઈક આયાસપૂર્વક, પ્રજ્ઞાને સહારે સમભાવ રાખવાનો. સદ્‌ગુરુએ ચેતનની એવી સત્તા છે કે જેમાં બધું સહજ હોય છે. તે ત્યાગ કે સ્વીકાર, નિરોધ કે નિગ્રહ કે અનિગ્રહથી પર છે. તે દ્વંદ્વાતીત હોવાથી તેમને દ્વંદ્વોમાં સમભાવ રાખવા કરવાનો સવાલ રહેતો નથી. શ્રીસદ્‌ગુરુ જીવનમાં, નિમિત્તમાં, જગતમાં પ્રવર્તે છે તે મન, બુદ્ધિ જેવાં કરણોને સહારે નહિ, પણ કેવળ ભાવનાના સહારે. આથી તો સારું-માઠું, લાભ-હાનિ, પાપ-પુણ્ય આદિને આપણે જે રીતે જોઈએ, વિચારીએ, સમજીએ ને અનુભવીએ તેવી રીતે સદ્‌ગુરુને કરવાપણું હોતું નથી. આ રીતે સદ્‌ગુરુનું બેસણું સ્થિતપ્રજ્ઞ કરતાં ઊંચું છે.

એક બીજી દૃષ્ટિએ વિચારતાં લાગે છે કે શ્રીસદ્‌ગુરુ અને શિષ્ય વચ્ચે અભેદ સધાતાં એક સળંગતા પ્રગટે છે. આ એક સળંગપણાના એક છેડે શિષ્ય છે અને બીજે છેડે સદ્‌ગુરુ છે. શિષ્યને છેડેથી જોતાં શિષ્યની દૃષ્ટિએ સદ્‌ગુરુમાં સાક્ષાત પરબ્રહ્મત્વ જ પ્રતીત થાય છે. સદ્‌ગુરુને છેડેથી જોતાં સદ્‌ગુરુ પોતે પણ પોતાના સદ્‌ગુરુ સાથેની સળંગતાનો શિષ્ય-છેડો

છે. તેમને માટે પરબ્રહ્મરૂપ સદ્‌ગુરુનો છેડો બીજો છે. આથી જ શ્રીસદ્‌ગુરુમાં એકી સાથે તણખલાથીયે તુચ્છ થવા જેવી નમ્રતા અને બાદશાહના પણ બાદશાહ જેવી બેપરવાઈભરી ખુમારી છે.

પૂ. મોટાએ આ દૃષ્ટિએ ચેતન અને અનુભવીનો ભેદ સ્પષ્ટ કરી જીવનવિકાસની સતત, અવિરત અને અનંત વિકાસની ક્ષમતાનો નિર્દેશ કર્યો છે.

સદ્‌ગુરુ કોણ થઈ શકે ? આ બાબતમાં શ્રીમોટાએ કેટલાક શ્લોકો લખ્યા છે. આમાં સદ્‌ગુરુનાં લક્ષણો આવેલાં છે. સદ્‌ગુરુની બુદ્ધિ ઋતંભરા પ્રજ્ઞા બનેલી હોય છે. રાગદ્વેષથી મુક્ત હોય છે. અગ્નિ જેવી તાલાવેલી હોય, સંપૂર્ણ નિરહં બનેલા હોય, ચેતના અને પ્રકૃતિની વચ્ચે અગોચર પ્રેરણાના પ્રદેશમાં જ તે વિહરતા હોય, સદાયે ભાવની ટોચે જ તેમનો વાસ હોય. ભાવમાં પ્રતિષ્ઠિત અને વળી ભાવાતીત હોય, ચેતનનો અખંડ પ્રવાહ હોય, સદ્‌ગુરુ નિત્ય આકાશતત્ત્વમાં જ રહેતો હોય, નિમિત્તમાં ઓતપ્રોત છતાં તટસ્થ હોય, નરી સરળતા હોય, સંકોચ, માન, મર્યાદા, મતાગ્રહ, મડાગાંઠોનો સદંતર અભાવ હોય, સદ્‌ગુરુની વાણીમાં ઓર નશો રહ્યા કરતો હોય, જેનાથી દૃષ્ટિ ખુલી જાય. મનાદિકરણો હરિચરણમાં વળી જાય અને જીવન સમૂળગું ફેરવાઈ જાય – તે સદ્‌ગુરુ. તે દ્વંદ્વાતીત, ગુણાતીત, નિરાગ્રહી, અનાસક્ત અને મુલાયમ હોય. વળી એને શરણે જનારને પોતાની સમકક્ષ બનાવવાનો પોતાનો ધર્મ સદ્‌ગુરુને હોય છે :

**'સમકક્ષ જ પોતાની એને શરણે જાય જે,**
**-તેને બનાવવામાં છે. ધર્મ સદ્‌ગુરુનો હૃદે.'**

આવા વિષયમાંનો એક વિષય 'શબ્દ' છે. પૂ. મોટાએ મુક્ત કંઠે અતિહગન એવા 'શબ્દ'નું સ્તવન કર્યું છે. શબ્દને બ્રહ્માતીત કહ્યો છે, આકાશાતીત કહ્યો છે. જ્યારે કશું જ ન હતું ત્યારે સબ્દ હતો તેમ કહ્યું છે. શબ્દાતીત પર્દેશ વિષે કંઈ કહેવાનું પોતાનું ગજું નથી એમ કહ્યું છે. ચેતન અને શબ્દ બંને અનાદિ છે. શબ્દ ચેતનનું જ સગુણ સ્વરૂપ છે.

'શબ્દ' કેવળ ભાવરૂપ હોય છે. તેને અર્થ નથી હોતો. આપણા આધારમાં સ્વયંભૂપણે આવિર્ભૂત થતા નામસ્મરણનો સંચાર પૂ. મોટાએ વર્ણવેલ 'શબ્દ'ના પ્રદેશમાંથી થાય છે. આ 'શબ્દ' ચેતનનું સગુણ કે સાકાર સ્વરૂપ છે. એમાં મંત્રની શક્તિ ભરી છે. જે 'શબ્દ'માં પ્રાણ ન હોય, દમ ન હોય તે શબ્દ નહીં, પણ 'શબ' છે. એટલે આ શ્લોકો સામાન્ય કવિતાસાહિત્યના શ્લોકો નથી, પણ સામર્થ્યને ભાવથી પૂર્ણ મંત્રો છે. સામર્થ્ય અને ભાવ વિનાના શબ્દો એ તો શબ માત્ર છે. આ શ્લોકો કોઈ વિચાર પ્રગટ નથી કરતા, પણ ચેતનનો જ સંચાર પ્રગટ કરે છે. આ ગ્રંથની વાણી એ સદ્‌ગુરુનો 'શબ્દ' છે. ચેતનના જ ઊંડા, ઊર્ધ્વ પ્રદેશમાંથી જ તેનો ઉદ્‌ગમ છે, અને સ્વજનોનાં સદ્‌ભાગ્યે તે 'શબ્દ' અહીં ઊતરી આવ્યો છે.

આપણને મળેલા સમય, અવસર, તક, મોકાનો અપ્રમત્ત રહીને ઉપયોગ કરવાની કળા પ્રાપ્ત થવી તે પણ શ્રીસદ્‌ગુરુની કૃપાનું પરિણામ છે. જીવનસાધનામાં મળેલી તકનો વર્તમાન ક્ષણે જ ઉપયોગ કરી લેવાની તાલાવેલીપૂર્વકની સભાનતા ન હોય, તો સાધના થઈ શકતી નથી. મળેલી તકના ઉપયોગ માટે આવતી કાલ તો શું પણ આવતી ક્ષણ પર મદાર બાંધવો તેનો અર્થ આપણે મળેલી તકને તકરૂપે સ્વીકારી જ નથી તેવો થાય છે.

પૂ. મોટાએ આ ગ્રંથમાં આવું ભલે લખ્યું ન હોય પણ વણલખેલું મને તો સ્પષ્ટ વંચાય છે. આપણા સ્વજનોના અંતરના મળને તેઓ દિવસરાત ઊલેચે છે. તેઓ તો સઘન ભાવરૂપ છે, પણ આપણાં અભાવાત્મક, દિલ વિનાનાં વલણવર્તનો તેમના ભાવદેહમાં આઘાતો ને ખળભળાટ પેદા કરી તેમના દેહમાં અનેક ઉત્પાતો સર્જે છે. તેઓ તો પ્રેમના

યોગી હોવાથી આ આપણાં દુરિતો હસતાં હસતાં ને મૂંગાં મૂગાં સહ્યે રાખે છે.

પૂ. મોટા તો ભાવરૂપ છે. ભાવમાં ભાવ મળે તો જ તેની પુષ્ટિ થાય. આપણે તેમને આપણો ભાવ આપીએ અને તે પણ સક્રિય રીતે.

સદ્‌ગુરુ પાસે આપણી ઊભી કરેલી છાપ નકામી છે. તે આપણું હાર્દ જુએ છે. તે આપણા ગુણદોષની પરવા કરતો નથી. સદ્‌ગુરુ જ માત્ર એક એવું સ્વજન છે કે જે તમે જેવા છો તેવા જ તમને સ્વીકારે ને પ્યાર કરે છે. આપણું દિલ તેમના તરફ ખુલ્લું થાય અને તેમના પરત્વે ભાવ પ્રગટે તો તેનો હજારગણો પડઘો ગુરુ પાડે છે.

સદ્‌ગુરુનું તેવું નથી. આપણી એબો જો સ્વયં આપણે ખુલ્લી કરીએ, તો તેમનો ભાવ ઓર વધે છે. આપણે પડદો રાખીને તેમની નજીક જઈએ તેમાં તેમને અકળામણ રહે છે. સદ્‌ગુરુ પાસે ખુલ્લા થવું તે જ સદ્‌ગુરુને અંદર ભરી લેવાપણું છે. આથી જ આત્મનિવેદનની ભક્તિને ઉત્તમ પ્રકાર કહ્યો છે. જ્યાં સુધી ખુલ્લા થવા જતાં સંકોચ, ક્ષોભ કે ડર લાગે છે, ત્યાં સુધી આપણે સમજવું જોઈએ કે આપણે સદ્‌ગુરુને સ્વીકાર્યા જ નથી. સદ્‌ગુરુની સ્થૂળ નિકટતા એ નજીકપણું નથી. સદ્‌ગુરુના સ્મરણે દિલ આર્દ્રભાવે વહે તો હજારો ગાઉ દૂર હોવા છતાં તે નિકટ જ છે.

માનવઈતિહાસ તરફ દૃષ્ટિ કરતાં સ્પષ્ટ દેખાય છે કે એકલી ભલાઈ કે એકલી અસરકારકતા માનવ પ્રશ્નોને સંતોષકારક રીતે હલ કરી શકે તેમ નથી. એકલી ભલાઈ આત્મઘાતક નીવડે છે, તો એકલી અસરકારકતા સરમુખત્યારશાહી તરફ દોરી જાય છે. ભલાઈ અને અસરકારકતાનો સમન્વય થવો અનિવાર્ય છે. સંતજીવનમાં આ સમન્વય થયેલો હોય છે. આથી સંતોએ માનસમાજ ઘડવામાં જે રચનાત્મક ફાળો આપ્યો છે તેવો કોઈએ આપ્યો નથી.

*('શ્રીસદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા' બીજી આ., પૃ. ૭ થી ૨૧)*

## ૭. દિવ્યચેતનાના અનુભવ પ્રસંગ જણાવોને ! - પૂ. શ્રીમોટા

કુંભકોણમ્‌માં (દક્ષિણ ભારત) અમસ્તો જાગતો પડેલો ત્યાં શરીરે ઓચિંતો ધક્કો લાગ્યો. સૂવાની જગાથી ૪૦૦ ફૂટ દૂર અહીં આશ્રમનો દરવાજો ચણાતો હતો. ત્યાં એક કડિયો કામ કરતો હતો. એક નાનકડી બેંચ, તેના ઉપર દેવદારનું ખોખું ને તે ખોખા ઉપર તે ઊભો ઊભો સિમેન્ટનું પ્લાસ્ટરિંગ કરતો હતો. તેના શરીરના વજનથી દેવદારનું ખોખું નમ્યું ને શરીર સડાક દેતાંને નીચે પડ્યું. તે પછી હું ઊઠીને ત્યાં ગયો ને...ભાઈને બૂમ મારી...ભાઈ કડિયા કામ કરતા હતા ત્યાં જ બેઠા હતા. ...ભાઈને પૂછ્યું; "એને બહુ તો વાગ્યું નથી ને ?" પ્રભુકૃપાથી તેને કશી ઊની આંચ આવી નહિ ને કામ પણ કરી શકતો હતો.

થોડા દિવસ ઉપર એક ઝાડનું મોટું થડ ચાર મજૂરો આશ્રમમાં ઊંચકતા હતા. તેમાંથી થડ લથડ્યું. તે એક જણના ખભા ઉપર પડ્યું. ખભાથી સાથળ ઉપર, સાથળથી ઢીંચણ ઉપર, ઢીંચણથી નળા ઉપર, ને નળા ઉપરથી પગની પાનીના ઉપલા ભાગ ઉપર પડ્યું. દોઢેક કલાક એને શેક વગેરે કરવો પડ્યો, પણ પ્રભુકૃપાથી ૨૦ મણ ઉપરાંતનો બોજો પડવા છતાં તેને કશી ઈજા થઈ નહિ.

અહીં આશ્રમમાં કામ ચાલતું હતું તે વેળાએ કેટલાક બનાવો બનેલા, જેમાં જાતે સહન કરીને પણ બીજા જીવોને કામ નિમિત્તે ઊની આંચ ના આવે તેમ પ્રભુકૃપાએ થયેલું.

એવા તો કેટલાયે બનાવો હશે ને છે કે જે બનતા હોય અથવા બનવાના હોય તેની ખબર પડ્યા કરે, પરંતુ એમાં ખૂબી કશી અમારી નથી. એ બધી કરામત જો હોય તો તે શ્રીભગવાનની કૃપાની છે.

*('જીવનની અમીરેખા' ૧લી આ., પૃ. ૭૮ થી ૮૦)*

## ૮. ગુરુ એટલે ... ?

**- પૂજ્ય શ્રીમોટા**

ગુરુ એટલે એનું સ્થૂળ શરીર તો નહિ. જીવનવિકાસ પરત્વે પ્રેરવનારી એક પ્રકારની જે ભાવના દિલમાં પ્રગટ્યા કરી ઝળહળતી બળ્યાં કરે છે, તેવી અંતસ્થ ભાવના તે ગુરુ છે. ગુરુનો આકાર-પ્રકાર નથી. એ કોઈ પ્રકારના ચોકઠામાં પૂરાઈ શકે તેવી સમજણ પણ નથી. એ મર્યાદા નથી, તેમ તે બંધન પણ નથી. તે મુક્તિ પણ નથી. તે તો જે છે તે જ છે. જેને છે તેને છે. જેને નથી તેને નથી. જેના હૃદયમાં તે જાગે છે, ત્યાંથી તે ઓલવાઈ જતો પણ નથી. એકવાર જગાડીને જીવતો જો એને કરી શક્યા તો એના નવા નવા અવતારના અનુભવ જીવનના અવનવા પ્રસંગોમાં સાધકને થયા જ કરતા હોય છે. **ગુરુ એટલે તો હૃદયનો, હૃદયમાંથી, જીવન પરત્વેનો નીતરતો સદ્‌ભાવ છે.** એનાથી જ સાધક રંગાયા કરે છે, તેનામાં તે છતો થાય છે. ગુરુને અમુક પ્રકારે જ સમજવો તે અજ્ઞાન છે. *'જીવન પોકાર' ત્રી.આ., પૃ. ૩૭૪*

'ગુરુ' એટલે એ સ્થૂળ વ્યક્તિ નથી, પરંતુ ગુરુ તો જીવનના ઉપયોગમાં આવી શકે અને જીવનવિકાસ કાજેની યોગ્ય સમજણ પ્રત્યક્ષપણે પ્રગટાવી શકે. તે ઉપરાંત જીવનવિકાસના માર્ગને રૂંધનારા એવા જીવસ્વભાવનાં અનેક પ્રકારનાં વલણોને ઉદ્‌ભવતી પળે (તેની જો હૃદયમાં હૃદયથી જ્ઞાનભક્તિયુક્ત પ્રાર્થના કરવામાં આવે તો) પ્રત્યક્ષ યોગ્ય માર્ગે પ્રેરી શકે એવી શક્તિ સાધકને મળે તેવો તે પ્રત્યક્ષ મદદગાર પણ છે. એવી હૃદયથી હૃદયની જ્ઞાનભક્તિયુક્ત સાંકળ જો તેના હૃદય સાથે અને હૃદયભાવ સાથે જોડાયેલી હોય તો સાધક કદી પણ એકલો, એકલવાયો કે અટૂલો નથી હોતો, પણ સદાય તેના જીવનનો સહકાર અને સાથીદાર તેની સાથે જ છે એવો અનુભવ સાધકને જરૂરથી થાય છે.

*'જીવનસોપાન' ત્રીજી આ., પૃ. ૧૨૦-૧૨૧*

જ્યાંથી જ્યાંથી જીવનમાં શ્રદ્ધા જન્મે, જ્યાંથી જ્યાંથી હૃદયમાં અંકુરો પેદા થાય, જ્યાંથી જ્યાંથી અંતરના ઉમળકાથી પ્રણામ કરવાની પ્રેરણા મળે, એવા હૃદયના ઉમળકાનો ફુવારો જ્યાં ફૂટે, ત્યાં ત્યાં જીવંત ગુરુ છે. એમ જાણવું. ગુરુ એટલે કંઈ તેનું શરીર નહિ, તેની પ્રભા પણ નહિ, પરંતુ તેનામાં પ્રકટેલી કોઈ અલૌકિક દિવ્ય શક્તિ અને ક્રિયમાણ થઈ રહેલું તેનું જીવંત દૈવત.

*'જીવનમંથન' પ્ર.આ., પૃ. ૨૮૪*

સાધક એક વખત પોતાના જીવનમાં ગુરુની આવશ્યકતા સ્વીકારી લે છે, તે પછી તેને એની મહત્તા સમજાયા વિના રહેતી નથી. એને સમજાતું જાય છે કે ગુરુ એટલે એના જીવનવિકાસનાં પગથિયાં ઉત્તરોત્તર ચઢાવતી જનારી એક નિસરણી; ગુરુ એટલે સર્વ બાબતોમાં, સર્વ વ્યવહારમાં, તેમજ સર્વ પ્રકારના આચારવિચારમાં તેની સમજને ઉચ્ચતર ભૂમિકા સાથે જોડનારી સાંકળ; તેનાં મનનાં સર્વ વલણોને, તેની સૂક્ષ્મ સમજને સ્પષ્ટ ને દીવા જેવી રીતે સમજણ પાડનારું જાણે કે હાલતું ચાલતું પુસ્તક. તેનાથી આગળ વધીને કહીએ તો માનવી જીવનનું શું રહસ્ય છે, શા માટે સાધકને જન્મ મળેલો છે, આ સંસારમાં આવી મળેલાં બધાંની સાથે સાધક કેમ સંકળાયેલો છે, જીવનનો હેતુ શો છે, તેની સાથે જગતનો શો સંબંધ છે, એ બધાંની ધીરે ધીરે જેની ચેતનાશક્તિ વડે સાધકમાં સમજણ પ્રગટતી જાય છે તે.

તે ઉપરાંત આખા વિશ્વમાં જે ચેતનાશક્તિ જડ, જડ અને ચેતનની મધ્યાવસ્થા તથા ચેતન-એ ત્રણેમાં ઉત્તરોત્તરપણે પડી રહેલી છે તથા તે બધાનો વિકાસ જેથી થાય છે તે બધું બતાવનાર 'જીવનતેજ' તે જ ગુરુ. ગુરુ એટલે વિશ્વની પ્રત્યેક વસ્તુનું કોઈ પરમ ચેતનાશક્તિ સાથે શા માટે અને કેવી રીતે સંકળાવાનું બને છે તે સમજાવનાર જ્ઞાનશક્તિ. વળી ગુરુ એટલે તે કે જેના હૃદયના સાથ વડે સમગ્ર બ્રહ્માંડનો, ભગવાનનો હેતુ શો છે તે સમજાય અને પ્રત્યેક ક્ષણે-ક્ષણથી પણ નાનામાં નાના સમય દરમિયાન ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું જે લીલાનૃત્ય ભજવાઈ રહ્યું છે તે પણ અનુભવાય. ગુરુ એ તો ભાવરૂપે જ છે.

*'જીવનસંદેશ' ચો.આ., પૃ. ૧૭-૧૮*

***('સેવો હરિ-ગુરુ-સંતને' પ્ર.આ., પૃ. ૧૧ થી ૧૩)***

# ૯. હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે

- ડૉ. રમેશ મ. ભટ્ટ

**પ્રસંગ-૧**

મારા ગુરુમહારાજ મને ઘણીવાર કહેતા, 'જો મૈં હૂં સો મૈં હૂં. પીછે મેરા સ્વરૂપ અલગ હો જાયેગા ! પીછે મુઝે કોઈ નહિ બુલાયેગા, કોઈ પુકાર નહિ પાડેગા, કોઈ જગા પર નહિ રહનેવાલા હૈ. તું પોકાર પાડીશ ત્યારે હાજર થઈશ. તો મૈં કહાં જાયેગા ? મૈં યહી રહનેવાલા હૂં. યહી જગા પર.' એમ એમણે મને કહેલું. મારે જ્યારે જરૂર પડે ત્યારે હું પોકાર પાડું. એક-બે સંકટની વેળાએ મારે એવી જરૂર પડેલી. ગરીબનું સંકટ પૈસાનું હોય. એવું સંકટ પડેલું. તેરસો રૂપિયાની જરૂર પડેલી. એટલા બધા રૂપિયા તો મારે મન તો અધધધ રૂપિયા કહેવાય. તે રૂપિયા મને ધીરે પણ કોણ ? તો મેં ગુરુમહારાજને પ્રાર્થના કરેલી કે, 'પ્રભુ, આ અવસર આબરૂ જાય એવો છે. ક્યાંથી લાવું હવે ? કોઈ છે પણ નહિ ને એટલા બધા પૈસા લાવવા ક્યાંથી ? બધા પ્રયત્નો કર્યા પછી તમને પ્રાર્થના કરું છું. તમે તો હયાત નથી. પણ મને ખબર છે કે તમને હું હયાત કરીશ. મને વિશ્વાસ છે કે તમે પ્રગટ થશો જ'. બહુ, બહુ રડતાં રડતાં પ્રાર્થના કરેલી. પછી આવેલા. મને કહે 'દીકરા, તું શું કરવા રડે છે ? તારે માથે સમર્થ ધણી છે. તેની ખબર પણ નથી ? સમર્થ ધણી હોય તેને કહી દેવાનું કે આ કામ તારે કરવાનું છે' 'હુકમ મારાથી ના થાય' 'તો વિનંતી કરવી, પ્રાર્થના કરવી. એ તો થાય કે ના થાય ? પહેલાં પ્રાર્થના કરવી - વારંવાર પોકાર પાડવો. પણ રડવું બડવું નહિ. એ બરાબર નહિ' એમ મને કહે. પછી કહે : 'મને કહે, શું કામ છે તારે ? કેટલા પૈસા જોઈએ છે ?' મેં કહ્યું : તેરસો જોઈએ છે'. તેમણે મને તેરસો રૂપિયા કાઢીને આપ્યા. જરૂર પડ્યે તો સો વધારે આપું. એમ કહીને ચૌદસો રૂપિયા હાથમાં આપીને ગયા. હું તો ભગવાનનું નામ લેતો રૂપિયા લઈને ઘેર ગયો. મારી માને કહ્યું : 'મા, રૂપિયા લાવ્યો.' મારી બા કહે, 'રડ્યા, આટલા બધા રૂપિયા અત્યારે રાતે ક્યાંથી લાવ્યો ? કોઈના ચોરીને લાવ્યો ?' મેં કહ્યું, 'મા, ચોરી તો નથી લાવ્યો. મારા ગુરુમહારાજે આપ્યા.' 'હો વે. તારા ગુરુમહારાજ આટલા રૂપિયા આપતા હશે.' ! 'મા, તારે રૂપિયા સાથે કામ છે ? તું તારે કામ કર. લે આ.' એમ કહીને આપ્યા ને કામ પત્યું.

એની પાછળ કહેવાનો મતલબ એ કે આવા જે લય થઈ જાય છે, તો પણ એના જે ભક્ત છે, જે એના રીલેટીવ્સ(=સંબંધમાં) છે, જેની સાથે એમને દિલ છે, તેવા લોકો પોકાર પાડે, અને ખરેખરો પોકાર હોય છે, ત્યારે કાં તો એ પ્રત્યક્ષ હાજર થાય છે, કાં તો સૂક્ષ્મ હાજરીથી એનું કામ પતાવે છે, બેઉ રીતે.

**પ્રસંગ-૨**

એક પ્રસંગ તો તમોને મેં કહેલો કે વીસાપુર જેલમાં બીજા બધાને મારતા હતા, અને મને જોતાં જ મારતા બંધ થઈ ગયા.

એક વખત જેલમાં મને ઝાડા થઈ ગયેલા- ડાયેરીયા થઈ ગયેલ. વારંવાર જવું પડે. અને અમારા લોકોએ- (જેલવાસીઓએ) ઘણા આવા વેષ કાઢેલા ! એટલે એ લોકો સાચું માને જ નહિ. કારણ કે અમારા લોકોએ આવી બનાવટો કરેલી. તે અમારી ઈમ્પ્રેશન(=છાપ) આવી થઈ ગયેલી. મને દાખલ કર્યો. બધા કહે : 'એ હંબગ છે'. મેં કહ્યું કે, 'અપવાસ પર જઈશ. કશું ખઈશ નહિ. મારી વાત સાચી છે કે મને ડાયરિયાનો રોગ છે. બીજા દિવસે ખાધું. કેદી જ્યારે ખાય ત્યારે નિયમ પ્રમાણે એનો રિપોર્ટ કરવો પડે. પછી સુપરિન્ટેન્ડેન્ટ આવ્યા. મેં નમસ્કાર કર્યા. મેં અંગ્રેજીમાં સારી રીતે વાત કરી કે, 'સાહેબ, આ સ્થિતિમાં કેદી શું કરી શકે ? એ તો ગુલામ છે. એને સ્વતંત્રતા આપો. નહિતર હું પૂનામાં જઉં - તો હું ખાતરી કરાવી આપું કે મને આ રોગ છે. ન ખાવું એ જ હથિયાર- કારણ કે ખરી વસ્તુને પણ જ્યારે તમે માનો નહિ.' મને કહે કે,

'તમારી વાત બહુ સાચી છે. પણ બધાએ આવું ખોટું ચલાવ્યું છે માટે અમને થાય.' 'તમારી વાત સાચી. પણ મારી' વાતમાં કોઈ ઢોંગ નથી. મારી વાત સાચી છે.' એમ મેં કહ્યું - પરીક્ષા તો થઈ ગયેલી. ડૉક્ટરે તપાસી લીધેલો. અને રિપોર્ટ મોકલી આપ્યો હતો. પછી મને પૂના મોકલી આપ્યો. ત્યાં પણ એવું થયું, તો મારા ગુરુમહારાજે મારી પ્રાર્થના સાંભળેલી. એટલો બધો હેરાન કર્યો. એ જડ જેવા લોકો તો માનશે નહિ. આ જેલર લોકો આ માનશે નહિ. એટલે આનો ઉપાય શો ? ભગવાન છે. એ આપણને છૂટો કરી આપે તો થાય. બાકી તો થાય એવું નથી. મેં પ્રાર્થના કર્યા કરી. પછી મને લઈ ગયા. ત્યાં ડૉક્ટરોએ કહ્યું કે 'દરદીને આટલું બધું થયું તોય તમે એને લાવ્યા નહિ ? તમે કેવા માણસો છો ?, મારું શરીર તો લાશ જેવું થઈ ગયેલું. પછીથી બધું ગયું. મારા ગુરુમહારાજને પ્રાર્થના કરેલી કે, 'હે પ્રભુ મને વચન આપો, મારે તો હજુ કેટલાય કામ કરવાનાં છે, કરોડો રૂપિયાનો હુકમ આપ્યો. હજી તો કંઈય તો થયું નથી- હજુ તો હુકમ આવ્યો કે તું જા.આ લડતમાં જા. દેશની ભક્તિને લીધે નહિ, પણ તારી સાધના કેટલી પ્રબળ છે તેની તને ખબર પડશે. પોલીસોના દંડાના માર ખા. ત્યાંથી ખસવાનું નહિ. ત્યાં ને ત્યાં ઊભા રહીને ભગવાનનું નામ લેતાં લેતાં તું માર ખા. એટલે અભય કેટલો કેળવાયો છે- તને તે વખતે ડર લાગે ને તો માનવું કે આપણે ખોટા છીએ. પણ જો ડર ના લાગે તો, ભગવાનનું નામ લેતાં લેતાં માર ખાઈશ તો હું રાજી થઈશ, કે તારો અભય બરોબર કેળવાયો છે ! તારી તાકાત જણાશે. સાત - આઠ વાર આવા માર ખાવાના પ્રયોગો થયેલા છે. એક બે વખત તો ઉપરીઓએ આવીને મને માર ખવડાવેલો.

બૂચ કરીને એક નાગર સદ્‌ગૃહસ્થ હતા. હમણાં ત્રણ વર્ષ પર ગુજરી ગયા. મને યાદ કરતા હતા. કઠિયાવાડમાં એક નાના ઠાકોર હતા. ઠાકોરે એમને મારવા માટે યુક્તિ કરીને જમાડવાનું ગોઠવેલું. 'તમે તો ખરા બ્રાહ્મણ છો, તમને તો દેશને માટે બહુ લાગણી. તો તમારા જેવા બીજા બ્રાહ્મણ મને ક્યાંથી મળે ?' મેં તો ના કહી કે, : 'આમાં જશો નહિ, આ ઠાકોરને આજે ક્યાંથી ભાવ જાગ્યો ?' એમ મેં કલ્પના કરી. આજે પેલા લોકોનો ભાવ જાગ્યો. હંમેશાં વિરોધમાં જ રહે છે. પોલીસ બધા એમને ત્યાં જ રહેતા હતા અને ખાતા પીતા. એ ઠાકોર તો વિરોધમાં જ હતો. 'આજે ક્યાંથી પુણ્યભાવ જાગ્યો ? એક બે વાર વિચાર કરો. પછી નક્કી કરો. ગરીબનું કહ્યું માનો'. લાડવા ખાવાનું મન થયેલું. એટલે કહે : 'શું કરશે આપણને ? બહુ તો આપણને મારશે. માર ખાવા તો આપણે આવ્યા છીએ.' સારું ત્યારે ચાલો. અમે ગયા. બધાને જમાડ્યા કર્યા. આરામ કરાવ્યો. સાંજે છ પછી મિટિંગ રાખીશું. એમ નક્કી કર્યું. પોલીસ બધા ખરા. પણ બધા આઘે રાખેલા. એક આસી. ડી.એસ.પી. હતો. એ જાણે કે આ કારસ્તાન છે. ઠાકોર એકલાએ નહિ કરેલું. કલેક્ટરે અને બીજાએ ભેગા થઈને આ કારસ્તાન કરેલું. એવું નક્કી કરેલું કે મરણ ન થાય તે જોવું- પણ મારવા ખૂબ. બધું શણગારેલું 'વંદે માતરમ્' એ ગીત ગવાયું. બધા બોલવા ઊભા થયા. મારો વારો પણ આવ્યો. મારું ભાષણ પૂરું નહિ થયેલું, ત્યાં જ બધાંને ઝૂડંઝૂડા- લાકડીઓથી છોકરાઓને મારવા લાગ્યા. ચારે બાજુ પોલીસો ઊભેલા ને જે જાય તેને સારી પેઠે મારે. કેટલાક નાસી ગયા. કેટલાક મારી બાજુએ ઊભેલા- એ માર ખાતા હતા- એ પણ કોઈને કોઈ કારણથી છટકી ગયેલા. મને સખત મારવા લાગ્યા. એ વખતે ડી.એસ.પી. બચુભાઈ નાગર હતા. એ એકદમ આવ્યા. કહ્યું 'આને શું કામ આટલો બધો મારો છો ?' મારે ભગવાનનું નામ ચાલતું હતું. 'એનામાં શક્તિ નથી.' મને ઊંચકીને ધર્મશાળામાં લઈ ગયા. પછી એ મને કહે, 'હું સૂતો હતો ત્યાં મને લાઈટ દેખાયું. મને કહે કે, 'ઊભો થા અને પેલા છોકરાને બચાવ. મરી જશે બિચારો' મેં કહ્યું, 'તમે ગુરુમહારાજનું કહ્યું માનીને આવ્યા. નહિતર આ કાળમાં કોણ માને ?'

*('પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ તદ્રૂપ-સર્વરૂપ' બીજી આ., પૃ. ૮૭ થી ૯૦)*

# ગયેલા આત્માને શ્રદ્ધાસુમન

૧. કેનેડામાં ટોરેન્ટમાં હરિઃૐ સત્સંગ મંડળ ચાલુ કરનાર પૂજ્ય શ્રીમોટાના અનન્ય ભક્ત શ્રી હિમાંશુભાઈ ભાવસારના પિતાશ્રી તેમજ હરિઃૐ આશ્રમ, નડિયાદના તત્કાલિન ટ્રસ્ટી સ્વ. શ્રી ચંદુભાઈ ભાવસારના સુપુત્ર સ્વ. શ્રી દિલીપભાઈ ભાવસાર અમદાવાદ ખાતે તા. ૪-૫-૨૦૨૧ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

૨. હરિઃૐ આશ્રમ, નડિયાદના તત્કાલિન ટ્રસ્ટી પ્રો. ઈન્દુકુમાર દેસાઈના ધર્મપત્ની તેમજ હરિવાણીના ટ્રસ્ટી શ્રીમતી દર્શિનીબેન અને શ્રી નચિકેતનભાઈના માતા સ્વ. કલાબહેનનું તા. ૧-૫-૨૦૨૧ના રોજ દેહાવસાન થયેલ છે.

૩. વલ્લભવિદ્યાનગર નિવાસી પ્રો. ચંદનબહેન પટેલની અનુજ સુજ્ઞશ્રી દક્ષાબહેન પટેલ તા. ૭-૪-૨૦૨૧ના રોજ દેહોત્સર્ગ થયેલ છે.

૪. પૂ. ભાઈશ્રી નંદુભાઈ શાહના ભત્રીજી અરૂણાબેનના પતિ સ્વ. શ્રી જયંત રતિલાલ મહેતાનું અમદાવાદમાં તા. ૨૩-૫-૨૦૨૧ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

૫. અમદાવાદ નિવાસી શ્રી ભાનુપ્રસાદ નાયકના તથા સ્વ. જયાબેન ભાનુપ્રસાદ નાયકના નાના સુપુત્ર શ્રી કમલેશકુમાર તા. ૨-૫-૨૦૨૧ના રોજ દેવલોક પામ્યા છે.

૬. અમદાવાદ નિવાસી શ્રી અમરીષભાઈ ધોળકિયાના પુત્રવધૂ અ.સૌ. બીનાબેન નિરવભાઈ ધોળકિયા, ઉં.વ. ૪૨ તા. ૩-૫-૨૦૨૧ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

૭. હરિવાણી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ પંડ્યા તથા શ્રીમતી ભારતીબેન પંડ્યાના વેવાણ શ્રીમતી ભારતીબેન આચાર્યનું તા. ૮-૪-૨૦૨૧ના રોજ અમદાવાદ ખાતે અવસાન પામેલ છે.

૮. શ્રીમતી દર્શિનીબેન જગતભાઈ કોન્ટ્રાક્ટરના પિતાશ્રી મહેન્દ્રભાઈ ગોવિંદભાઈ શાહ તા. ૧૯-૪-૨૦૨૧ના રોજ અમદાવાદ ખાતે અવસાન પામેલ છે.

૯. મહાજન બુક ડિપોવાળા શ્રી જગદીશભાઈ શાહના વેવાઈ સ્વ. શ્રી નીતિનભાઈ શાહ તા. ૧-૫-૨૦૨૧ અને તેઓના વેવાણ સ્વ. અ.સૌ. નીતાબેન એન. શાહ તા. ૧૮-૪-૨૦૨૧ના રોજ શ્રીજીચરણ પામ્યા છે.

૧૦. સ્વ. શ્રી ઈશ્વરભાઈ વસાવા તા. ૩૦-૪-૨૦૨૧ અને તેમના ધર્મપત્ની સ્વ. બબલીબેન ઈશ્વરભાઈ વસાવા તા. ૧-૫-૨૦૨૧ના રોજ મોટા શોરવા, તા. ઝઘડિયા, જિ. ભરૂચ ખાતે અવસાન થયેલ છે.

૧૧. શ્રીમતી હરિતાબેન ભરતભાઈ સોનીના કાકી સ્વ. ઉમાબેન રાજેન્દ્રભાઈ મુખી તા. ૨૫-૪-૨૦૨૧ના રોજ ગાંધીનગર ખાતે અવસાન થયેલ છે.

૧૨. શ્રી વિનોદભાઈ મોદીના વેવાઈ સ્વ. શ્રી પંકજભાઈ નરેન્દ્રભાઈ ભગત તા. ૬-૫-૨૦૨૧ના રોજ તેમજ તેઓના વેવાણ સ્વ. નિર્મલાબેન પી. ભગત તા. ૨૭-૫-૨૦૨૧ના રોજ અમદાવાદ ખાતે અવસાન થયેલ છે.

૧૩. કપડવંજ નિવાસી સ્વ. ગીતાબેન રવિશંકર જોષી તા. ૨૪-૪-૨૦૨૧ના રોજ અવસાન થયેલ છે.

૧૪. આર.આર. શેઠની કું. સ્વ. ભગતભાઈ ભુ. શેઠ તા. ૧૫-૫-૨૧ના રોજ અમદાવાદ ખાતે અવસાન થયેલ છે.

૧૫. શ્રી સંજયભાઈ પંડ્યાના બનેવી સ્વ. સંજયભાઈ ભૂપેન્દ્રભાઈ દવે તા. ૨૧-૪-૨૦૨૧ના રોજ અમદાવાદ ખાતે અવસાન પામેલ છે.

૧૬. શ્રી ગુણવંતભાઈ ઠક્કરના સાળા સ્વ. મૂળજીભાઈ ગિરધરભાઈ તા. ૧૯-૪-૨૦૨૧ના અને તેઓના ભત્રીજા મુકુંદચંદ્ર કનૈયાલાલ તા. ૨૬-૪-૨૦૨૧ના રોજ અમદાવાદ ખાતે અવસાન થયેલ છે.

૧૭. હરિઃૐ આશ્રમ, નડિયાદના વર્ષો જૂના સેવક શ્રી કાળુભાઈ (કાભાઈ)ના માતુશ્રી ચંદાબા, ગામ બિલોદરા તા. ૨૨-૫-૨૦૨૧ના રોજ નડિયાદ ખાતે અવસાન થયેલ છે.

૧૮. નડિયાદ નિવાસી સ્વ. શ્રી મિતેષભાઈ ચૌહાણનું અવસાન તા. ૧૮-૫-૨૦૨૧ના રોજ થયેલ છે.

૧૯. સારસા નિવાસી સ્વ. સરસ્વતીબેન મૂળજીભાઈ ઠક્કર તા. ૩૦-૪-૨૦૨૧ના રોજ અવસાન થયેલ છે.

૨૦. હરિઃૐ આશ્રમ, નડિયાદમાં અગાઉ મૌનમંદિરના સાધકો માટે રસોઈ બનાવવાની કામગીરી કરતા હતા તે બેન અમરતબેન ડાભીના પતિ સ્વ. મનોજભાઈ ડાભી તા. ૩-૫-૨૦૨૧ અને મનોજભાઈ ડાભીના ભાઈ શ્રી રમેશભાઈ ડાભી તા. ૧૦-૫-૨૦૨૧ના રોજ અવસાન પામેલ છે.

૨૧. જૂના બિલોદરા, નડિયાદના સ્વ. ફતાભાઈ શીવાભાઈ સોઢાનું અવસાન તા. ૧૭-૫-૨૦૨૧ના રોજ થયેલ છે.

૨૨. હરિઃૐ આશ્રમના સેવક શ્રી રામજીભાઈ ધર્માજી ડામોરના ખૂબ જ નજીકના પાંચ સગાઓનું અવસાન થયેલ છે : (૧) સ્વ. શંકરભાઈ રૂપસી ગામેતી (પીએસઆઈ), તા. ૨૫-૪-૨૦૨૧ - કણાદર ગામ, (૨) સ્વ. બાલુભાઈ રૂપસી ગામેતી, તા. ૬-૫-૨૦૨૧ - કણાદર ગામ, (૩) સ્વ. દાનજીભાઈ કાળાજી ગામેતી, તા. ૧૮-૫-૨૦૨૧ - કણાદર ગામ, (૪) સ્વ. નવજીભાઈ બેચરભાઈ ભગોરા, તા. ૧૬-૫-૨૦૨૧ - બુધરાથણ, (૫) સ્વ. વાલીબેન કમજીભાઈ નિનામા (બેન), તા. ૧૩-૫-૨૦૨૧ - વિરપુર.

૨૩. નડિયાદ નિવાસી સ્વ. નરહરિભાઈ અમીનનું દેહાવસાન તા. ૧૩-૫-૨૦૨૧ના રોજ થયેલ છે.

૨૪. વલ્લભવિદ્યાનગરના વિનુભાઈ સુથારના મોટાભાઈ દલસુખભાઈ તા. ૧૬-૪-૨૦૨૧ના રોજ ગુજરી ગયેલ છે.

૨૫. સાહિત્ય મુદ્રણાલયના શ્રી ભદ્રેશકુમાર ગજ્જરના ધર્મપત્ની અ.સૌ. મિનાક્ષીબેનનું તા. ૧૦-૫-૨૦૨૧ના રોજ અમદાવાદ ખાતે અવસાન થયેલ છે.

**પૂ. શ્રીમોટા સર્વે ગતાત્માને સદ્‌ગતિ અર્પે તેવી આપણા સૌની હૃદયથી પ્રાર્થના.**

## હરિઃૐ આશ્રમ, નડિયાદને મળેલ ભેટ

| | | |
|---|---|---|
| (૧) | શ્રી શિવકુમાર પાંડે - રાયબરેલી, ઉત્તર પ્રદેશ | રૂ. ૧,૪૦,૪૦૦/- |
| (૨) | શ્રી હિરેન નીતિનભાઈ ધોળકિયા - અમદાવાદ | રૂ. ૩૦,૦૦૦/- |
| (૩) | શ્રી અશોકભાઈ નટવરલાલ પટેલ - વિદ્યાનગર (હાલ - પોંડિચેરી) | રૂ. ૨૭,૦૦૦/- |
| (૪) | શ્રી ધર્મેશભાઈ દેવરાજભાઈ કેવડિયા - સુરત | રૂ. ૧૧,૦૦૧/- |
| (૫) | મંજુલાબેન ગાંધી - મુંબઈ | રૂ. ૧૦,૦૦૦/- |

**'હરિઃૐ આશ્રમ, નડિયાદ' ઉપરોક્ત સર્વે સ્વજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.**

## 'હરિઃૐ ગુંજન'ને મળેલ ભેટ

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ગુણવંતલાલ ચંદુલાલ ઠક્કર<br>(પૂ. શ્રીમોટાની પ્રાર્થનાના ૨૫ વર્ષ નિમિત્તે - તા. ૨૫-૫-૯૬) | રૂ. ૨,૫૦૧/- |
| (૨) | સ્વ. યોગેશભાઈ પી. આશરા - હ. લતાબેન | રૂ. ૧,૦૦૦/- |
| (૩) | શ્રી મયંક અમૃતભાઈ પરમાર - વડોદરા | રૂ. ૧,૦૦૦/- |
| (૪) | શ્રી દક્ષભાઈ વકીલ - અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| (૫) | શ્રીમતી હરિતાબેન ભરતભાઈ સોની - અમદાવાદ | રૂ. ૨૫૦/- |

**'હરિઃૐ ગુંજન' ઉપરોક્ત સર્વે સ્વજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.**

**સ્વજન :** મારાં પત્નીને પરુ થતું હોય એમ લાગે છે, આવા બનાવો વખતે આધ્યાત્મિકતાના ખ્યાલો ઢીલા પડી જાય છે.

**શ્રીમોટા** : જો તેની તેવી સ્થિતિ હોય અને પરુ નીકળતું હોય તો બીજે તેની યોગ્ય સારવાર કરાવવી જોઈએ. આ બાબતમાં જો કંઈ ખર્ચ માટે રકમ જોઈતી હોય તો વિના સંકોચે કહેજો. ચિંતા કરશો નહિ કે મુઝાશો નહિ. અને તેના સમાચાર મને આપતા રહેશો, હું કહું છું એટલે નહિ, પણ તમારો એના પ્રત્યેનો તે ધર્મ છે તેમ સમજીને.

**જીવનમાં જે જે મળેલા છે તેના પ્રત્યેનો ભાવનાપૂર્વકનો અને જ્ઞાનપૂર્વકનો યોગ્ય ધર્મ પ્રભુપ્રીત્યર્થના જીવતા ખ્યાલથી જ જે બજાવે છે તેનું જ નામ આધ્યાત્મિકતા છે. જીવનના ધર્મથી આધ્યાત્મિકતા કદી નોખી હોઈ શકે જ નહિ અને આધ્યાત્મિકતાને અને જીવનના ભાવનાપૂર્વકના-જ્ઞાનપૂર્વકના યોગ્ય ધર્મથી જુદી ગણવાનું બન્યું ત્યારથી જ આપણા સામાજિક જીવનનું પતન થયું છે. મળેલા પ્રત્યેનો જે પોતાનો યોગ્ય ધર્મ બજાવી શકતો નથી. તેના જીવનમાં કદી આધ્યાત્મિકતા આવી શકવાની જ નથી, તે નક્કી જાણજો.**

આધ્યાત્મિકતાની મારી સમજ તો ઉપર પ્રમાણેની છે. એટલે તે બાબતમાં જે યોગ્ય લાગે તે કરજો.

જો કોઈએ મારી સાથે સંબંધમાં રહેવું હોય તેમણે તેમની પોતાની પરિસ્થિતિથી મને up-to-date વાકેફ રાખવો જોઈએ. એટલે અમદાવાદમાં કે સાબરમતીમાં બે એક દિવસ તમારા તાર કે કાગળની રાહ જોઈશ. નહિતર પછી હું કરાંચી ઊપડી જઈશ.

સૌ કોઈની રાહે રાહે વર્તી શકવાનું હવે બની શકતું નથી. એટલે If you want to adjust yourself to me then you are welcome. If not, you are free and can whatever you like. પણ જેમની જેમની સાથે ભગવાનની ભાવનાથી જોડાયેલો છું, તે ભાવનાને જીવનના કલ્યાણની તમન્ના, તે તે જીવાત્માઓમાં વધે તેનાથી ઊંધી રીતે જો કોઈની સાથે તમારું વર્તવાનું બનશે તો એક ઘડી વાર પણ તે સહન કરી લેવાશે નહિ, તે જાણી લેજો. બાકી તો તમે મારા મિત્ર છો અને રહેવાના છો અને તમારી મુશ્કેલી તે મારી મુશ્કેલી એમ હું ગણવાનો છું તેય સાચું.

બાળકને બાળાગોળી આપવી એ તેને અકાળે મરણને નોતરવા જેવું છે. બાળાગોળીમાં તો થોડું અફીણ પણ આવે છે. અને તમારાં પત્ની કહે તોપણ તે ના આપી શકાય. એ તો કાલ ઊઠીને એને ગળે ટૂંપો દેવાનું કહેશે તો પછી બાળકને જીવવા શું કરવા દો છો ? આ તે આપણી કઈ જાતની સંસ્કૃતિ કે સંસ્કાર કે બ્રાહ્મણપણું છે, તે મને કંઈ સમજાતું નથી. એટલે કૃપા કરીને તેનામાં યોગ્ય સંસ્કાર અને વાતાવરણ આવી શકે એવું આપણે કરવાનું છે. બાળક વાતાવરણમાંથી એટલું બધું ગ્રહણ કરે છે કે જેની આપણને કલ્પના નથી. બાળક ઉત્પન્ન થયું તો બાળક પ્રત્યેના ધર્મ પણ અદા કરવા જ રહ્યા.

### સાચી આધ્યાત્મિકતા

**સ્વજન :** સાચી આધ્યાત્મિકતા કર્મમાં જ છે ?

**શ્રીમોટા :** જીવનમાં જે મળ્યાં છે તેમની સાથે યોગ્ય હૃદયની ભાવનાથી જે ધર્મ બજાવવાનો આવેલો છે, તે તે ધર્મના યોગ્યતાપૂર્વકના પાલનમાં સાચી આધ્યાત્મિકતા સમાયેલી છે. જે પોતાનો ધર્મ હૃદયથી પૂરો અદા કરે છે, તે જ પ્રભુને પામી શકવાનો છે.

થોડું થોડું પણ કર્મમાં ભગવાનની ભાવના જીવતી રહે એટલી જાગૃતિ રાખશોજી. ભગવાન જો સહુનો છે તો આપણો કેમ નહિ ? તે તો આપણી સંભાળ લે છે જ. બાકી, ક્યાં પેલા ભાઈ અને ક્યાં આપણે ! એમને અને આપણને શો સંબંધ ! છતાં તેઓ જે સંભાળ અને પ્રેમભાવ રાખે છે, તે તો પ્રભુની કૃપા પ્રત્યક્ષપણે જાણે છે, એવું જ હું તો માનું છું અને અનુભવું છું.

*('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ' ચોથી આ., પૃ. ૫૫ થી ૫૮)*

**હે વ્યોમ શા વ્યાપક દેહધારી ! અજ્ઞાનથી દૂષિત આ થયેલી**
**જ્ઞાનાંજને સત્વર આંખ આંજી અર્પો મને નાથ ! નવીન દૃષ્ટિ. ૭૩**

**હે દેહધારી ! [તમે દેહધારી હોવા છતાં] વ્યોમ શા [= આકાશ જેવા] વ્યાપક [છો.] અજ્ઞાનથી દૂષિત થયેલી આ આંખ જ્ઞાન-અંજને [= જ્ઞાનના કાજળથી] સત્વર આંજી[ને] [હે] નાથ ! મને નવીન દૃષ્ટિ અર્પો.**

**અજ્ઞાનનિદ્રાવશ જીવ આ જે વહી જતો સંસૃતિના પ્રવાહે**
**જગાડી, તેની બદલો દિશાને, છેદો પ્રભો ! જન્મપરંપરાને. ૭૪**

**આ જીવ જે અજ્ઞાન-નિદ્રા-વશ [થઈને] સંસૃતિના [= સંસારના] પ્રવાહે વહી જતો [= વહે જાય છે] [તેને] જગાડી[ને] તેની દિશાને બદલો [અને હે]પ્રભો! [તેની] જન્મ પરંપરાને છેદો.**

સર્વત્ર વિદ્યમાન શ્રી સદ્‌ગુરુને સાધક પ્રાર્થના કરે છે : ‘અજ્ઞાનથી દૂષિત થયેલી આ આંખને જ્ઞાનના કાજળથી સત્વરે આંજીને નવી દૃષ્ટિ આપો.’ આ અજ્ઞાન શું વસ્તુ છે ? અજ્ઞાન એટલે ‘હું શરીર છું’ એવો દેહાધ્યાસ. જ્ઞાનાંજનનો અર્થ એ છે કે ‘હું શરીર નથી, આત્મા છું’ એવી માત્ર સમજણ નહિ, પરંતુ એની અનુભૂતિ. બીજી રીતે અજ્ઞાનનો અર્થ માયા અથવા અવિદ્યા કહી શકાય.

ઈશાવાસ્ય ઉપનિષદ્ વિદ્યા-અવિદ્યાની વાત કરે છે. ઈશાવાસ્યના નવમા મંત્રમાં જણાવ્યું છે કે જે કેવળ અવિદ્યામાં રાચે છે-લીન રહે છે તે અંધકારમાં પ્રવેશે છે. આનો અર્થ એવો છે કે જે માત્ર ભેદજ્ઞાનમાં જ રાચે છે, સર્વ પ્રાણીઓ અને પદાર્થો એકબીજાથી જુદાં જ છે એમ માને છે, સર્વમાં અભિન્ન આત્મારૂપી તત્ત્વ અનુસ્યૂત છે, વ્યાપીને રહ્યું છે અને તે પોતાનું સ્વરૂપ છે એમ જાણતા નથી તેઓ સત્યના અદર્શનરૂપી અંધકારમાં પ્રવેશ કરે છે. ભટ્ટ સાહેબ ‘અનુપમ ઈશાવાસ્ય વિમર્શ’ નામના પુસ્તકમાં લખે છે : “આવા મનુષ્યો તેમનાં દેહ, ગેહ વગેરેમાં અહંતા-મમતા સેવે છે, તેમની આસક્તિનો અંત હોતો નથી.”

“આ સમગ્ર જગત ઈશ્વરથી વ્યાપ્ત છે, આ જે કાંઈ ભોગ્ય પદાર્થો છે તે સર્વે તેના જ છે અથવા તેનું જ સ્વરૂપ છે, તેમાં મારું કાંઈ નથી એવું સમજી અનાસક્તિથી કર્મ કરવા પ્રેરાતા નથી તેમની સર્વ પ્રવૃત્તિઓ રાગ-દ્વેષથી, મમત્વથી અને અહંભાવથી પ્રેરાઈને થયા કરે છે. તેમને ભેદનું જ્ઞાન છે, પણ સર્વમાં રહેલા વાસ્તવિક અભેદ [Unity in diversity]નું ભાન હોતું નથી. આથી તે ભારે વ્યક્તિવાદી બને છે. તે તેમના અહંને પુષ્ટ કરવા આકાશ-પાતાળ એક કરે છે. તેમના એકબીજાના અહંસંઘર્ષમાંથી વિગ્રહ, કલહ અને વિક્ષેપ જન્મે છે અને સર્વત્ર વિસંવાદિતાનું વાતાવરણ ફેલાય છે. આવા મનુષ્યોનાં ચિત્ત રાગ-દ્વેષથી મલિન થયેલાં હોવાથી તેમાં પરમાત્માનું જ્ઞાન પ્રકાશી ઊઠતું નથી.”

જ્ઞાન માટે અનાસક્ત પ્રવૃત્તિઓથી ચિત્તદર્પણનું માર્જન, આ સર્વ કાંઈ ઈશ્વરનું છે એવી ભાવનાથી પ્રેરાઈને મમત્વનો ત્યાગ કરી અનાસક્તિથી થતાં કર્મો દ્વારા દૂર થતી ચિત્તની મલિનતાથી આત્મજ્ઞાનનો ઉદય થાય છે. અભેદનો અપરોક્ષ અનુભવ તમને અજ્ઞાનમાંથી ઉગારી લે છે. શ્રી રમણ મહર્ષિ કહે છે : “અભેદભાવે ચિંતન થવાથી દેહાભિમાન દૂર થતાં ‘તે ઈશ્વર જ હું છું’ એવા દૃઢ નિર્ણય અને શ્રદ્ધાથી જ પોતાનો અને ઈશ્વરનો અભેદભાવ જાણી અભેદભાવનાથી ચિંતન કરે છે.” આ અભેદભાવવાળા ચિંતનને શ્રી રમણ મહર્ષિ પવિત્ર ગણાવે છે.

'पुनः अपि जननं, पुनः अपि मरणम्' આ સંસારના પ્રવાહને રોકવા માટે શિષ્ય સદ્‌ગુરુને પ્રાર્થે છે. શિષ્યના ગુરુવર્ય સાથેના સત્સંગના મહત્ત્વને સ્પષ્ટ કરતાં શ્રી રમણ મહર્ષિ કહે છે : ''બ્રહ્માકારવૃત્તિ મનને અન્ય વિચારોથી દૂર રાખવામાં મદદરૂપ થાય છે. આવો કોઈ અભ્યાસ અથવા સાધુસંગ આવશ્યક છે. સાધુએ મનને જીતી લીધું હોય છે અને તે શાંતિમાં રહે છે. એનું સાંન્નિધ્ય એવી સ્થિતિ બીજાઓમાં ઉત્પન્ન કરવામાં મદદરૂપ થાય છે. જે પ્રવચન સાંભળવાથી, ધર્મગ્રંથોના અધ્યયનથી કે એમના અર્થના મનનથી, સત્કર્મ કે બીજા કોઈ પણ સાધનથી થતું નથી.'' ***(ક્રમશઃ)***

## ૧૨. ગુરુના પ્રેમનું કાર્ય - પૂ. શ્રીમોટા

પ્રેમ મથામણ કરાવે છે, પણ તેની તેવી મથામણમાં તે સાધકને સાચું સમજાવવાનો પ્રયત્ન હોય છે. સાધકના જીવનમાં ગુરુના પ્રેમનું મહત્ત્વ કોઈ ન્યારા પ્રકારનું છે. સાધકમાં પ્રેમને પચાવવાની શક્તિ અને લાયકાત જોઈએ છે. પ્રેમ જેના તેનામાં અવતરી શકતો નથી. પ્રેમ માગે છે જીવનને ઊર્ધ્વ કરવા. પ્રેમ તો જીવનને નીચલી સપાટીએથી ઊંચકીને જીવનને ઊર્ધ્વ ભૂમિકામાં લઈ જવાને સતત પ્રેરતો રહે છે. પ્રેમ નીચે ઊતરે છે ખરો, પણ ઊંચે લેવાને કાજે. તેને જો જ્ઞાનભક્તિપૂર્વકનો, હૃદયનો સાથ ન મળે તો તે પાછો હઠી પણ જાય છે. પ્રેમ અવતરીને સાધકની પ્રકૃતિમાં અને સાધકના સ્વભાવનાં દર્શન કરાવે છે. ગુરુનો પ્રેમ જીવનમાં પ્રકટીને જીવનના યદ્વાતદ્વાપણાનો અનુભવ સાધકને કરાવે છે. સાધકના યોગ્ય ઠામઠેકાણાં નથી તેનું ભાન કરાવે છે. સાધકની અનેક મડાગાંઠોનું ભાન પણ તે કરાવે છે. સાધકમાં જે જે સમજણ પડેલી છે, તે યોગ્ય પ્રકારની નથી. તેમ છતાં સાધક તેને ઝોડની માફક વળગી રહે છે, તે હકીકતનો સ્વીકાર ગુરુનો પ્રેમ સાધક પાસે કરાવે છે, તેમ છતાં પણ તેવાં પ્રકારની સમજણને સાધક પૂરેપૂરો વળગી રહેતો નથી. તે સાધકના દુર્ભાગ્યની ઘટના છે. પ્રેમનું તત્ત્વજ્ઞાન તો બહુ ઊંચા પ્રકારનું છે. જીવનના પૂરા જ્ઞાનની દશામાં એમ પ્રકટી શકે છે. પ્રેમનું દ્વંદ્વની ભૂમિકામાં સ્થાન નથી. **પ્રેમ એ તો પ્રભુનો વ્યક્ત ગુણ છે. સાકાર પ્રભુ તે જ પ્રેમ.** આવા પ્રકારના પ્રેમને સાધકે પોતાના જીવનમાં પ્રકટાવવાનો છે. આ રીતે ગુરુનો પ્રેમ વૈદ્યનું કાર્ય સાધકના જીવનમાં કરે છે.


*'જીવન મંથન', પ્ર.આ; પૃ. ૧૩૧, ૧૩૨*

ગુરુ પરત્વેનો પ્રેમ સાધકને અથડાતા કુટાતા પણ ઊંચે માર્ગે લઈ જનારો છે. અનેક પ્રકાની સાધનામાં ગુરુ સાધકની પ્રકૃતિમાં સૂક્ષ્મપણે પ્રવેશીને સાધકને માર્ગદર્શન કરાવતો રહે છે. અને તેવો અનુભવ થાય કે થયા કરે તો સાધકને ગુરુ તરફનો પ્રેમ વધારે જાગ્રત થતો જાય છે. એમ સમજવું. ગુરુ પરત્વેનો પ્રેમ સાધકને સલામત સ્થિતિમાં નહિ રહેવા દે. એટલે જો સાધકે પ્રેમ રાખવો હોય તો એકલો ગુરુ પરત્વે જ રાખવો. એમ અનેક અનુભવીઓએ પોતાના જીવન વડે અનુભવ કરીને તેવા સત્ત્વનો નિચોડ જગત આગળ મૂકી દીધો છે.

*'જીવનપોકાર', ત્રી.આ; પૃ. ૨૯, ૩૦*

***('સેવો હરિ-ગુરુ-સંતને' પ્ર.આ., પૃ. ૨૪-૨૫)***

## (તા. ૨૨-૦૭-૧૯૭૬ના રોજ પૂજ્ય શ્રીમોટાએ લખેલા છેલ્લા પત્રો)




‘જેમણે જેમણે મને મદદ કરી છે,
મારું કામ કર્યું છે, તેમનો
તેમનો આભાર માનું છું.
ભગવાન તેમનું
યશ-કલ્યાણ કરો.’

❖

‘ઉમળકાથી અમે કરેલું છે,
નિરાશાને તો અમે
સ્વપ્ને ન જાણી છે,
આવેલા કામને
પૂરા હર્ષથી સ્વીકાર્યું છે,
ગુરુમહારાજના હુકમને
આનંદથી પાળ્યો.’

❖

અમારાનું અમે છાનું રાખ્યું છે ના,
બધું ખુલ્લે ખુલ્લું સરળ સરળ રીતે લખેલું.
ન લખાયેલું, ન વિદ્વાનોએ ન કવિઓએ કદી પણ ન લખેલું છે.
અમે અમારી મેળે તો કદી ના લખેલું છે.
કદી કોઈના કહેવાથી—ને પૈસા તેના દેવાથી અમે એનું એમ લખેલું.
કદી પણ ગુજરાતી સાહિત્યમાં ન લખાયેલું લખેલું.
(‘નિમિત્ત’, ‘શ્રદ્ધા’, ‘શ્રીસદ્‌ગુરુ’, ‘ભાવ’, ‘રાગદ્વેષ’, ‘સ્વાર્થ’)
એવું એવું કોઈને સૂઝેલું ને લખેલું. તેનો જશ મારા પ્રભુને ફાળે જાય.
કદી વિચારીને લખ્યું નથી.
દરેક કાવ્ય થોડાક વખતમાં લખેલું,
ને તે પણ લખાણના પૈસા મળેલા છે ત્યારે.

❖

‘ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે
માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે.
ખરે વખતે ખરા વખતના ભક્તનું ન અટકી રાખે છે.
નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે છે.’

The postal Regn. No. G-KDA-119/2019-21 valid upto 31-12-2021, posted from Nadiad Head post office on 5th date of every Two Month. Issued by the SSPO's Kheda division, Nadiad • **RNI No. GUJGUJ/2018/76364**



## ગુરુપૂર્ણિમા મંગલાષ્ટક

(શાર્દુલવિક્રીડિત)

શીળી ચેતન ચાંદની વરસતી આજે ગુરુપૂર્ણિમા,
અંધારા જીવને પ્રકાશ ભરતી તારી ગુરુચેતના.
આજે હો ગુરુવર્યને હૃદયના ભાવોર્મિની વંદના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૧

તારો નિર્મળ સંગ-સાથ જીવને ઉર્ધ્વે ગતિ પામવા,
તારી ગોદ હૂંફાળને શુભ સદા શાંતિપ્રદા મોક્ષદા.
મીઠીને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ કેરી શિખા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૨

તારા પાવક સ્પર્શથી હૃદયમાં જાગો પ્રભુઝંખના,
અજ્ઞાની જડતાભર્યાં જીવનમાં હૈયે વહો ભાવના.
ઊર્ધ્વારોહણ હો સદા જીવનનું આ નિમ્ન સંસારમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૩

સંસારે તરતી રહો જીવનની નૌકા પદે પ્રાર્થના,
ડૂબું ના ગુરુદેવ ! આ ભવજલે અગાધ ઊંડાણમાં.
દ્વંદ્વોથી ભરપૂર આ જીવનમાં પ્રેમૈક્યતા પામ્યા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૪

કેવી આ મન-પ્રાણ ને તન તણી લાખો ઊઠે કામના,
સંસારી સૌ ક્ષુદ્ર શુષ્ક સુખની હૈયે જલે વાસના.
મેલી આ મનની ગતિ શમી જજો તારા ઊંડા ભાવમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૫

કોટિ કોટિ કરું સદા ગુરુપદે ભાવોર્મિની વંદના,
પૂજા હો પદપંકજે હૃદયની પુષ્પો ખીલ્યાં ભાવનાં.
તારા મંગલ સંગથી જીવનમાં જાગો પ્રભુઝંખના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૬

દેજો હે ગુરુદેવ ! આજ દિલની કલ્યાણકારી દુવા !
પ્રકૃતિ મમ નિમ્ન ઉર્ધ્વ કરજો તારી કૃપા-ચેતના.
જન્મોજન્મ ભજું પ્રભુચરણને વગે થજો સાધના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૭

હૈયાના ગુણભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા,
વ્હેજો આ ગુરુભાવગંગ હૃદયે એવી પદે પ્રાર્થના.
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના,
આહુતિ દઈને સદાય દિલની પામું તને સર્વદા ! ૮

**(BOOK-POST - Printed Matter)**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabd-380022 and published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD.

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL